dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 275 | AD - 2024, Ashadh sud- 03 | Monday, Dt.08-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**રથયાત્રામાં ટી ૨૦ વર્લ્ડ કપની જીતની ઝલક પણ જોવા મળી**

## હર્ષોલ્લાસ સાથે ભગવાન જગન્નાથની યાત્રા સંપન્ન

(એ.આર.એલ),અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેરમાં આજે ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા ભક્તિભાવ પૂર્ણ નીકળી હતી અને જગતના નાથ સામે ચાલીને નગરચર્યાએ નીકળ્યા અને ભક્તોને દર્શન આપ્યા હતાં ભકતો પણ ભગવાનના દર્શન કરી ધન્ય થઈ ગયા હતાં આ પહેલા સવારે ૪ વાગ્યે જગતના નાથની મંગળા આરતી કરવામાં આવી. રાજ્યના મુખ્યમંત્રીએ પહિંદ વિધિ કરીને રથ ખેંચ્યો હતો. પહિંદ વિધિમાં મુખ્યમંત્રીએ સોનાની સાવરણીથી ભગવાનનો રથ સાફ કરાવ્યો. આ સાથે જ રથયાત્રાનો પ્રારંભ થયો હતો. મંદિર પરિસર જય રણછોડના નાદ સાથે ગુંજી ઉઠયો હતો રથયાત્રામાં સૌથી આગળ ગજરાજ હતાં મોટી સંખ્યામાં શણગારેલા ટ્રક, ભજન મંડળીઓ, અખાડાના કુસ્તીબાજો રથયાત્રામાં જોડાયા હતાં ભગવાન જન્નાથજીની ૧૪૭ મી રથયાત્રામાં ભજન મંડળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. અલગ અલગ ભજન મંડળીમાં અલગ અલગ વેશભૂષા ધારણ કરી ભક્તો આવતા હોય છે. ત્યારે એક ભક્તે કૃષ્ણનો વેશ ધારણ કર્યો હતો અને ખાસ પ્રકારના ચશ્મા પહેર્યા હતા. જેમાં રાધે રાધે લખી ભગવાન પ્રત્યેનો ભાવ વ્યક્ત કર્યો હતો. જેમાં ટી ૨૦ વર્લ્ડ કપની જીતની ઝલક પણ જોવા મળી અને રામ મંદિરનો ટેબ્લો પણ સૌથી વધારે આકર્ષણનું કેન્દ્ર રહ્યો. અમદાવાદના ખમાસા ખાતે જગન્નાથ મંદિરના મહંત દિલીપ દાસજી તથા ટ્રસ્ટીઓનું ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સહિતના મુસ્લિમ અગ્રણીઓ અને સ્થાનિક આગેવાનો દ્વારા સ્વાગત કરાયું હતું. તેમજ એએમસીના પદાધિકારીઓએ પણ જગન્નાથ મંદિરના મહંત દિલીપ દાસજી તથા ટ્રસ્ટીઓનું સ્વાગત કર્યું હતું. રથયાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી ત્યારે શહેરીજનોએ ભગવાનના દર્શન કર્યા હતાં. ભગવાનના મોસાળ સરસપુરમાં ભાઈ બલરામ અને



બહેન સુભદ્રા સાથે જગન્નાથજીનું મામેરું કરવામાં આવ્યું હતું ભગવાન જગન્નાથજીના મોસાળ એટલે સરસપુરમાં ભગવાન જગન્નાથજીનું ખૂબ જ ધામધૂમપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. ભાણેજને વધાવવા સરસપુરવાસીઓ હરખઘેલા થયા હતા. હર્ષોલ્લાસ સાથે ભક્તો ઝૂમી ઉઠ્યા. ભક્તોની આંખો ખુશીના આંસુઓથી ભીંજાઈ. મહાપ્રભુના દર્શન કરી તમામ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. "જય રણછોડ માખણચોર"નો નાદ પણ સંભળાઈ રહ્યો હતો. ત્યારે આટલી મોટી ભક્તોની સંખ્યા વચ્ચે મોસાળમાં ભગવાન જગન્નાથજીને મામેરું અર્પણ કરવામાં આવ્યું. આ વખતે મામેરાનો લ્હાવો પ્રજાપતિ પરિવારને મળ્યો હતો તેમના પરિવારજનાએ ભગવાનના કપડા, દાગીના સહિતની વસ્તુઓ અર્પણ કર્યા હતાં. અહીં લાખો સંતો-ભક્તોએ વિવિધ પોળમાં ભોજન લીધુ હતું. મોસાળમાં ભગવાનના મામેરામાં ભગવાનને સુંદર વાઘા અને દાગીના ભેટ ધરવામાં આવ્યા હતાં. ભારે ગરમીને કારણે રથયાત્રા કાલુપુર પહોંચી ત્યાર સુધીમાં ૫ ભક્તો બેભાન થઈને ઢળી પડ્યા હતા. જ્યારે અલગ અલગ જગ્યાએ ૫ બાળકો વિખૂટાં પડી ગયા હતા. રથયાત્રામાં અનેક ટેબ્લો એવા હતાં જેને કારણે લોકો આકર્ષિત થયા હતાં. પર્યાવરણ, દેશ ભકિતના ટેમ્બો હતાં. એક ટ્રકમાં તો સ્વચ્છતાને લઈને જાગૃતિ ફેલાવનારો સંદેશ હતો રથયાત્રામાં સુરક્ષા એ સૌથી મહત્વનો મુદ્દો બની રહે છે. ત્યારે આ વખતે આઈ કેમેરા સાથે સાથે હાઈ ટેકનોલોજીના ડ્રોનનો પણ ઉપયોગ શહેર પોલીસે કર્યો. જેમાં ટેથરથ ડ્રોન ઉડાડવામાં આવ્યું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભગવાન જગન્નાથની રથયાત્રાના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી અને દરેકને સ્વસ્થ જીવન અને સમૃદ્ધિની કામના કરી હતી.

**નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૬ જૂન નક્કી કરવામાં આવી**

## લોકસભા ચૂંટણી બાદ વિવિધ રાજ્યોમાં ૧૩ વિધાનસભા બેઠકો માટે ૧૦ જુલાઈએ પેટાચૂંટણી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૭

લોકસભા ચૂંટણી બાદ દેશભરના વિવિધ રાજ્યોમાં ૧૩ વિધાનસભા બેઠકો માટે ૧૦ જુલાઈએ પેટાચૂંટણી યોજાવાની છે. કેટલીક બેઠકો જ્યાં પેટાચૂંટણી યોજાવાની છે તે લોકસભાની ચૂંટણી બાદ ખાલી પડી છે. કારણ કે ઘણા ધારાસભ્યોએ સંસદીય ચૂંટણીમાં ભાગ લેવા માટે વિધાનસભા છોડી દીધી હતી, તેથી તે વિધાનસભા બેઠકો ખાલી પડી છે. તે જ સમયે, કેટલાક ધારાસભ્યોના અવસાન પછી, વિધાનસભાની બેઠકો ખાલી પડી હતી, જેના માટે નવા ધારાસભ્યોની પસંદગી માટે પેટાચૂંટણી હાથ ધરવામાં આવી રહી છે.

૧૦ જુલાઈએ બિહારની ૧, બંગાળની ૪, તમિલનાડુની ૧, મધ્યપ્રદેશની ૧, ઉત્તરાખંડની ૨, પંજાબની ૧ અને હિમાચલની ૩ બેઠક પર મતદાન થશે. આ બેઠકો પર પેટાચૂંટણી માટે જાહેરનામું ૧૪ જૂને બહાર પાડવામાં આવ્યું હતું, નામાંકન માટેની છેલ્લી તારીખ ૨૧ જૂન હતી અને ૨૪




જૂને ચકાસણી પણ કરવામાં આવી હતી. નામાંકન પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૬ જૂન નક્કી કરવામાં આવી હતી. આ તમામ પ્રક્રિયા બાદ હવે ૧૦મી જુલાઈએ મતદાન થવાનું છે, જેનું પરિણામ ૧૩મી જુલાઈએ આવશે. આવી સ્થિતિમાં આ પેટાચૂંટણી થઈ રહી છે. હકીકતમાં ફેબ્રુઆરીમાં દેહરાથી ધારાસભ્ય હોશાયર સિંહે, હમીરપુરથી આશિષ શર્મા અને નાલાગઢથી કેએલ ઠાકુરે રાજીનામું આપ્યું હતું. હિમાચલ પ્રદેશમાં ભાજપને આશા છે કે લોકસભા ચૂંટણી બાદ તે વિધાનસભા ચૂંટણીમાં પણ મોટી જીત નોંધાવશે અને ત્રણેય બેઠકો પર ઝંડો ફરકાવશે. જ્યારે કોંગ્રેસને ત્રણેય બેઠકો પર જીતનો વિશ્વાસ છે.

## અમરાવતી સેન્ટ્રલ જેલમાં વિસ્ફોટ; દેશી બોમ્બ ફેંકાયો, પોલીસ તપાસ શરૂ

**કોઈએ પ્લાસ્ટિકના ક્રિકેટ બોલમાં ફટાકડા કે વિસ્ફોટકો ભરીને જેલની પાછળની દિવાલ પરથી ફેંકી દીધા**

(એ.આર.એલ),મુંબઈ,તા.૭

મહારાષ્ટ્રની અમરાવતી સેન્ટ્રલ જેલની અંદર જોરદાર વિસ્ફોટ થતાં ખળભળાટ મચી ગયો હતો. વાસ્તવમાં, અમરાવતી સેન્ટ્રલ જેલની અંદર દેશી બનાવટનો બોમ્બ ફેંકવામાં આવ્યા પછી અથવા બોલની અંદર ભરેલા ફટાકડાને ફેંકવામાં આવ્યા પછી એક પ્રચંડ વિસ્ફોટ થયો હતો.



જો કે આ ઘટનામાં હાલ કોઈ જાનહાનીના સમાચાર નથી. ગઈકાલ રાત્રે આ ઘટનાની માહિતી મળતા જ જેલ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કમિશનર નવીનચંદ્ર રેડ્ડી, ડીસીપી અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ફોરેન્સિક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે તપાસ શરૂ કરી છે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે કોઈએ પ્લાસ્ટિકના ક્રિકેટ બોલમાં ફટાકડા કે વિસ્ફોટકો ભરીને જેલની પાછળની દિવાલ પરથી ફેંકી દીધા હતા. એક બોલ વિસ્ફોટ થયો જ્યારે બીજો ન થયો, જે પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યો છે. પોલીસ સીસીટીવી દ્વારા વિસ્ફોટક બોલ ફેંકનાર વ્યક્તિને શોધવામાં વ્યસ્ત છે. વિસ્ફોટમાં કેવો ગનપાઉડર હતો? હવે ફોરેન્સિક તપાસ બાદ જ ખબર પડશે. આ ઘટના અંગે અમરાવતી પોલીસ કમિશનર નવીનચંદ્ર રેડ્ડીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પડોશી હાઈવે પોલીસ સ્ટેશન પર બોલ દ્વારા ફટાકડા અથવા બોમ્બ ફેંકવામાં આવ્યો છે. તેને ફેંકનાર વ્યક્તિની શોધ કરવામાં આવી રહી છે. તેની તપાસ ચાલુ છે. આ ઘટનામાં કોઈને નુકસાન થયું નથી.

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
મણીબા ગજેરા ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ - અમરેલી
ADMISSION OPEN
B.Sc (N), PB.BSc, GNM અને ANM ના કોર્ષ માટે
ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ
તા.૦૪/૦૭/૨૦૨૪ થી તા.૧૫/૦૭/૨૦૨૪ www.medadmgujarat.org
વેબસાઈટ પરથી ઓનલાઈન પીન ખરીદી કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
રજીસ્ટ્રેશન થઈ ગયા પછી જે તે વિસ્તારના હેલ્પ સેન્ટરમાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવાનું રહેશે.
★ I.N.C તથા G.N.CE માન્યતા અને સૌરાષ્ટ્ર યુનિ. ના જોડાણ માન્ય કોર્ષ
★ SC/ST ના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર.
★ ગર્લ્સ માટે કેમ્પમાં જ હોસ્ટેલ સુવિધા
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો :- ૯૯૨૪૨ ૨૦૮૧૧
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી - ૩૬૫૬૦૧ ( ગુજરાત )
Email Id : manibainstituteofnursing@gmail.com



## ઝારખંડના દેવઘરમાં મકાન ધરાશાયી, છ લોકાના મોત

(એ.આર.એલ),રાંચી,તા.૭

ઝારખંડના દેવઘર જિલ્લામાં રવિવારે સવારે ત્રણ માળની ઈમારત ધરાશાયી થઈ હતી. કાટમાળ નીચે અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. સુત્રોના જણાવ્યા અનુસાર છ લોકોના મોત નિપજયા છે. આ ઘટના સવારે ૬ વાગ્યાની આસપાસ બની હતી. કાટમાળમાંથી ચાર લોકોને બચાવી લેવાયા છે. બચાવ કાર્ય માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ તૈનાત કરવામાં આવી છે. ગોડ્ડાના સાંસદ નિશિકાંત દુબે પણ ઘટનાની જાણકારી મળતા જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેણે પરિસ્થિતિનો તાગ મેળવ્યો. હાલમાં રાહત ટીમ કાટમાળમાંથી લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે. દેવઘર સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર રિત્વિક શ્રીવાસ્તવે જણાવ્યું કે અત્યાર સુધીમાં ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમને દેવઘર સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હજુ પણ કેટલાક લોકો કાટમાળ નીચે ફસાયેલા છે. બચાવ કામગીરી ચાલી રહી છે. ઓપરેશનનું નેતૃત્વ કરી રહેલા એનડીઆરએફના નિરીક્ષક રણધીર કુમારે જણાવ્યું હતું કે ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે. નિશિકાંત દુબેએ 'એકસ' પર લખ્યું, 'દેવઘરમાં આજે સવારે ૬ વાગ્યાની આસપાસ બંબમ ઝા પાથ પર ત્રણ માળનું મકાન ધરાશાયી થયું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાત્કાલિક એક ટીમ મોકલી. સવારથી હું ખુદ ભાજપના વરિષ્ઠ નેતાઓ અને સ્થાનિક લોકો સાથે ઘટના સ્થળે હાજર છું. સ્થાનિક લોકોએ અત્યાર સુધીમાં ત્રણ લોકોને બચાવ્યા છે અને એનડીઆરએફએ એક મહિલાને બચાવી છે. બચાવ કાર્ય ચાલુ છે. દેવઘર એમ્સએ ઘાયલો માટે સારવારની સુવિધા બનાવી છે.

AIMS - એઈમ્સ
HOSPITAL-AMRELI
હોસ્પિટલ અમરેલી
જનરલ મેડિસિન વિભાગ
• ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
• દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
• (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
• મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
• કોલેરા, ઝાડા, ઊલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ, પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઊલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
• પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
ડૉ. કેયૂર આર. કોટડીયા
MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાત
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
We are HIRING!
FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬


સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૮-૦૭-૨૦૨૪

# અમરેલીના લીલીયા રોડ બાયપાસ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ, કચરો અને દુષિત પાણીની સમસ્યા

અમરેલી, તા.૭

અમરેલીના સાવરકુંડલા સંકુલ સર્કલથી લઈ કેરીયા રોડ રોડ બાયપાસ કોન સર્કલ સુધીમાં આવેલા વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગની મોટી વસતી રહેલી છે અને આ વિસ્તારને ઓજી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. જો કે, આ વિસ્તારના લોકો પણ અન્ય લોકોની જેમ તમામ પ્રકારના વેરા અને લાઈટ બીલ સહિતના તમામ કર ભરે છે. અહીં રોડની બંને બાજુ આવેલી સ્ટ્રીટલાઈટ ઘણા લાંબા સમયથી બંધ હાલતમાં છે. આ વિસ્તારમાં લીલીયા રોડ બાયપાસ શ્યામ સર્કલથી લઈ કેરીયા રોડ સુધીની તો બધી જ લાઈટ બંધ હાલતમાં છે. ચોમાસાની ઋતુ છે અને આ મુખ્ય માર્ગ છે આ માર્ગ રાજકોટ અને ભાવનગર જવા માટેનો મુખ્ય રસ્તો હોય ખુબ મોટી સંખ્યામાં વાહનો પસાર થતા હોય છે. ઉપરાંત આ રોડ પરથી





શૈક્ષણિક સંસ્થાના પણ અનેક વાહન પસાર થતા હોય છે. રાત્રે આ રસ્તા પરની લાઈટો બંધ હોવાથી મોટા અકસ્માત થવાની સંભાવના રહેલી છે માર્ગ પર બેઠેલ રેઢિયાળ પશુઓના કારણે અહીં અનેક વાર અકસ્માત થઈ પણ ચુકયા છે. અખબારી અહેવાલ પ્રકાશિત થાય અને રજૂઆત કરવામાં આવે તો એક કે બે દિવસ પુરતી આ લાઈટ ચાલુ થઈ જાય છે પછી પરિસ્થિતિ જૈસે થે બની જાય છે. આ લાઈટો માટે પાલિકા સમયસર વેરો વસુલવાનુ ચુકતી નથી પરંતુ સુવિધાના નામે મીંડુ છે. ઉપરાંત અહીં રોકડિયા પરા વિસ્તારમાં રહેતા રહીશો જણાવે છે કે, પાલિકા દ્વારા સફાઈ કર વસુલવામાં આવે છે, પરંતુ અહી કોઈ સફાઈ કર્મચારી આવતા નથી કે અહીં કોઈ કચરાપેટીની વ્યવસ્થા નથી કે પાલિકાનું કોઈ વાહન અહીં કચરો એકત્ર કરવા આવતુ નથી. જેથી આજુબાજુના નાળામાં અને બાજુમા આવેલ તળાવમાં લોકો ગંદકી અને કચરો ફેંકી જતા હોય રોગચાળો ફેલાવાની ભીતિ છે. લોકો છુપી રીતે મરેલા પશુ અને કચરો પણ અહીં તળાવમાં ફેકીને જતા રહે છે. જેના લીધે દુર્ગંધના કારણે પણ ભારે પરેશાની વેઠવી પડે છે. અહીં છેલ્લા છ મહિના જેવો સમય થવા આવ્યો દુષિત અને ગંદુ પાણી વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે લોકોના આરોગ્ય પર ગંભીર ખતરો ઉભો થયો છે.

તો શું આ વિસ્તારના લોકો દેશના કે અમરેલી શહેરના નાગરિક નથી અને કેવળ ચૂંટણી વખતે મત મેળવવા માટે જ ગણતરીમાં લેવામાં આવે છે? તેવા સવાલ અહીંના જાગૃત નાગરિકો પુછી રહ્યા છે.

# વેરાવળમાં એપાર્ટમેન્ટનો ત્રીજા માળનો રવેશ થયો ધરાશાયી, જાનહાનિ ટળી

**શહેરમાં જર્જરીત બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટનો સર્વે કરવામાં નથી આવતો**

ઉના, તા.૭

ગીર સોમનાથ જિલ્લાના ઉનાની મુખ્ય બજારમાં એક જર્જરીત બિલ્ડીંગનો રવેશ પડ્યા બાદ વડામથક વેરાવળના ૮૦ ફૂટ રોડ પર આવેલ ગગનદીપ એપાર્ટમેન્ટ જે વર્ષોથી જર્જરીત હાલતમાં છે તેના ઉજા માળનો રવેશ ધરાશાયી થયો છે. વેરાવળમાં પાલિકા તંત્રને અનેક વખત રજૂઆત કરવા છતાં આવા જર્જરીત બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટનો સર્વે કરવામાં નથી આવતો કે કોઈ પગલા લેવામાં આવતા નથી. વેરાવળમાં આવા ઘણા બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટ મોત સમાન ઉભા છે. તંત્ર મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈ રહ્યુ હોય તેમ લાગે છે.

**ગામને વૃંદાવન બનાવવાનો સંકલ્પ**

# જીરા ગામમાં વૃક્ષારોપણ અને વૃક્ષાયાત્રાનું ભવ્ય આયોજન

જીર, તા.૭

આજે અષાઢી બીજના પવિત્ર દિવસે સુરતના યુવા ઉદ્યોગપતિ અને જીરા ગામના વતની પરેશભાઈ ડોબરીયાના સહયોગ અને જીરા ગ્રામ પંચાયતના સરપંચ દક્ષાબેન ડી. ચોડવડીયાના નેતૃત્વમાં જીરા ગામમાં એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગામને વૃંદાવન બનાવવાનો અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. આ પ્રસંગે વિશેષ આકર્ષણ રહી વૃક્ષાયાત્રા. આ યાત્રામાં ગામની મહિલાઓએ વૃક્ષાપોથીને માથે મૂકી ચુંદડી ઓઢીને પરંપરાગત પદ્ધતિથી ગામના રસ્તાઓ પર ફરીને લોકોને વૃક્ષોનું મહત્વ



સમજાવ્યું હતું. આ યાત્રા ગામના લોકો માટે પ્રેરણાદાયક બની હતી. આ કાર્યક્રમમાં મુખ્ય દાતા પરેશભાઈ ડોબરીયા ઉપરાંત હિંમતભાઈ દેસાઈ, ખોડીદાસ શેખડા, મનસુખભાઈ સ ં જ લી યા, અશ્વિનભાઈ જીરાવાળા, બાબુભાઈ જીરાવાળા, કાનજીભાઈ કોલડીયા, જીવનભાઈ સાવજ, દાસભાઈ બાળધા, મુકેશભાઈ રાદડીયા, અશ્વિનભાઈ ચડવડીયા, જીતુભાઈ દેસાઈ, ભાવેશભાઈ પારબીયા, ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ, ગામના તલાટી,

**ગામની મહિલાઓએ વૃક્ષાપોથીને માથે મૂકી ગામના રસ્તાઓ પર ફરી પર્યાવરણનો સંદેશો પાઠવ્યો**

શિક્ષકગણ અને સુરત, અમદાવાદ, મુંબઈથી આવેલા અગ્રણીઓ અને ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં ક્લેરિટી ફિનવેસ્ટ અને એચડીએફસી દ્વારા સ્પેશિયલ સેમિનારનું આયોજન

અમરેલી, તા.૭

અમરેલી શહેરમાં સૌપ્રથમવાર ક્લેરિટી ફિનવેસ્ટ અને HDFC mutual Fund દ્વારા લેડીઝ માટે સ્પેશ્યલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘરની લક્ષ્મીઓને નાણાકીય રોકાણ કયાં, ક્યારે અને કેવી રીતે કરવુ એના વિશે સમજાવવામાં આવ્યું હતું. આ



સેમિનારમાં ૨૧૦ કરતા પણ વધારે સ્ત્રીઓએ ભાગ લીધો હતો અને મ્યુચ્યુઅલ ફંડ વિશે જાણ્યું હતું. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાના ફાયદા અને SIP ના ફાયદા વિશે જણાવવામાં આવ્યું હતું. જેમાં ૨૦ વર્ષના અનુભવી એવા પાર્થભાઈ પાઠક ખાસ અમદાવાદથી સ્પીકર તરીકે પધાર્યા હતા.

આ સેમિનારમાં અમરેલીના લેડીઝ કલબ તેજસ્વીની, ઈનર વીલ કલબ ઓફ અમરેલી ગીરના સભ્યોએ પણ ભાગ લીધો હતો. તેમ ક્લેરિટી ફીનવેસ્ટના શૈલેષભાઈ કોટેચા તેમજ ચિત્ત કોટેચા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# કોલડા ગામે અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી,તા.૭

કુંકાવાવ તાલુકાના કોલડા ગામે શ્રી કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા ૧૦૪ મો અષાઢી બીજ મહોત્સવની ભવ્યથી ભવ્ય રીતે ઉજવણી કરવામા આવી હતી. અષાઢી બીજના દિવસે કોલેશ્વર ધામ કોલડા ખાતે સ્વયંભૂ માનવમેદની ઉમટી પડી હતી. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ ઉજવાયા હતા.



જેમાં વહેલી સવારના ૭:૦૦ કલાકે રથયાત્રા નીકળી હતી. ત્યારબાદ સંત શ્રી કોલવા ભગતના મંદિરે બાવન ગજની ધજાનું ધ્વજારોહણ થયુ હતુ. સાથે સાંજના ૫:૦૦ કલાકે મહાપ્રસાદ યોજાયો હતો, સંધ્યા સમયે સંત શ્રી કોલવા ભગતની મહાઆરતી કરવામાં આવી હતી અને રાત્રે ૯:૦૦ કલાકે સુપ્રસિદ્ધ કલાકાર શ્રુતિ પટેલ, સંજય સોજીત્રા અને પ્રીત રાજગોરે સંતાવણીમાં માનવ મેદનીમાં ધૂમ મચાવી હતી, આમ ભજન, ભોજન સાથે ભક્તિના ત્રિવેણી સંગમ સમો આ ૧૦૪ મો અષાઢી બીજ ઉત્સવ ભવ્યાતિ ભવ્ય બની રહ્યો હતો.

# બગસરા પાલિકા દ્વારા વેરો વધારતા આંદોલન કરવાની ચીમકી

**વેરા વધારા બાબતે આગામી ૧૦ તારીખના રોજ જાહેર સૂચનો માટેની મીટીંગનું આયોજન કરાયું**

બગસરા, તા.૭

જાણવા મળતી માહિતી અનુસાર બગસરા પાલિકા દ્વારા વેરા વધારવા તેમજ નવા વેરા નાખવા બાબતે અલગ અલગ સંસ્થાઓને પત્ર લખવામાં આવ્યો હતો. જેના અનુસંધાને ચેમ્બર ઓફ કોમર્સ અને કિરાણા એસોસિએશન દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો અને જો વેરામાં વધારો કર્યો, કે કોઈ નવો વેરો દાખલ કરવાની કામગીરી આગળ વધારી તો બગસરાની તમામ જાહેર સંસ્થાઓ બગસરાની જનતાને સાથે રાખીને ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે અને પછીનું પરિણામ પાલિકા ભોગવવા તૈયાર રહે તેવી ચેતવણી આપવામાં આવી હતી અને ચેમ્બર ઓફ કોમર્સ તેમજ કરીયાણા એસોસીએશન દ્વારા તેમજ બગસરાની જનતાને સાથે રાખીને આ બાબતે તા.૧૦/૦૭/૨૦૨૪, ના રોજ સાંજના-૬, કલાકે ગોંડલીયા ચોકમાં જાહેર સુચનો લેવા મિટિંગનું આયોજન કરેલ છે અને ત્યારબાદ જે પરિણામ આવે તે ભોગવવા પાલિકા સજ્જ રહે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ તરવડા ખાતે યોજાઈ ભવ્ય રથયાત્રા

**મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, રાજકીય હસ્તીઓ અને ગામલોકોની ઉપસ્થિતિ**

અમરેલી,તા.૭

૧૨૩ વર્ષ પૂર્વે અષાઢી બીજ રથયાત્રાના દિવસે તરવડામાં શાસ્ત્રી ધર્મજીવનદાસજીનું પ્રાગટ્ય થયું હતુ. જે નિમિત્તે આજરોજ અષાઢી બીજ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ તરવડા ખાતે રથયાત્રાના પવિત્ર પર્વે પૂ. કૃષ્ણપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ભવ્ય અને દિવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રારંભમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર રથનું પૂજન કર્યા બાદ રથ પ્રસ્થાન સાથે ૩૦૦ ઉપરાંત હરિભક્તો તેમજ ૧૮૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ તરવડા ગામમાં



શાસ્ત્રીશ્રી ધર્મજીવનદાસજી સ્વામીના જન્મસ્થાને પધાર્યા હતા. વિશેષમાં દેશવિદેશમાં ૬૦ ઉપરાંત શાખા ધરાવતી સંસ્થા રાજકોટ ગુરુકુલનો પાયો નાખનાર શાસ્ત્રી ધર્મજીવન દાસજી સ્વામીની આજે જન્મજયંતિ હતી, તેથી ગુરુકુલ પરિવારના વિદ્યાર્થી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હરિભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુરુદેવના પૂજન અને ગુણાનુવાદ સભાનુ પણ આયોજન કરાયું હતુ. આ રથયાત્રા પર્વના યજમાન પદે ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી રાકેશભાઈ હિંમતભાઈ દુધાત, કિશોરભાઈ લાખાણી તથા ભદ્રેશભાઈ લાખાણીએ લાભ લીધો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી પહોંચેલી એનડીઆરએફના રેસ્કયૂ સાધનોનું પ્રદર્શન કરાયું

**પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા સાધનોનું ચેકીંગ કરાયું**



અમરેલી,તા.૭

અમરેલીમાં સુસાધનોથી સજ્જ એનડીઆરએફની ટીમનું આગમન થયા બાદ બચાવ કામગીરી કઈ રીતે કરી શકાય તે માટે એનડીઆરએફની ટીમ દ્વારા રેસ્ક્યૂ સાધનોનું પ્રદર્શન યોજાયુ હતુ. આ પ્રદર્શનમાં ખાસ કરીને ચોમાસામાં જે દુર્ઘટના બને છે તેના માટે શું બચાવ કરી શકાય તે માટે માહિતી આપવામાં આવી હતી. અમરેલી પહોંચેલી એનડીઆરએફની ટીમ અમરેલી આવી પહોચ્યા બાદ કુદરતી આફતોને પહોંચી વળવા સુસજ્જ છે. અમરેલીની ડીઝાસ્ટર ઓફીસ ખાતે મામલતદાર અને પ્રાંત અધિકારી દ્વારા રેસક્યૂ સાધનોનું ચેકીંગ કરવામાં આવ્યું હતુ. આ અંગે એનડીઆરએફના ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતુ કે, આગામી ચોમાસાની સીઝન દરમિયાન પૂર અને વાવાઝોડા જેવી કુદરતી આફતોની સ્થિતિને પહોંચી વળવા ટીમ તૈયાર છે.

# અમરેલીમાં રહીશે પોતાના જ ઘરે ગેસ સિલિન્ડર લીક કરી આગ લગાવી, ફાયરમેનોએ બચાવ્યો જીવ



અમરેલી, તા.૭

ગુજરાતના અમરેલી શહેરના લાઠી રોડ પાસે આવેલ બ્રાહ્મણ સોસાયટી નજીકની રામાણી સોસાયટીમાં રહેતા એક રહીશ દ્વારા ચોંકાવનારી ઘટના બની છે. આ વ્યક્તિએ પોતાના જ ઘરમાં ગેસ સિલિન્ડર લીક કરી ગોદડા વડે આગ લગાવી દીધી હતી. આ ઘટનાની જાણ થતાં આસપાસના રહીશો દ્વારા તાત્કાલિક ફાયર અને ઈમરજન્સી સર્વિસ અમરેલીને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ઘરનો દરવાજો બંધ હોવાથી, ફાયરમેનોએ તેને તોડવો પડ્યો. અંદર જતાં તેમને એલપીજી સિલિન્ડરમાંથી ગેસની દુર્ગંધ અને ધુમાડો નીકળતો દેખાયો. આ ઘટના ખૂબ જ ગંભીર હતી કારણ કે ગેસ સિલિન્ડર ફાટી શકે છે જેના કારણે ભારે જાનહાનિ થઈ શકે છે. જોકે, બે ખૂબ જ બહાદુર ફાયરમેનોએ સાહસ દાખવીને ઘરમાં પ્રવેશ કર્યો અને ગેસ સિલિન્ડર બંધ કરી આગને કાબુમાં લીધી. આ ઝડપી અને સમજદારીપૂર્વકની કાર્યવાહીના કારણે મોટી જાનહાનિ ટળી ગઈ. આસપાસના લોકોએ ફાયર બ્રિગેડના બહાદુર જવાનોના શૌર્ય અને કુશળતાના ખૂબ જ વખાણ કર્યા હતા.

# રાજુલા-પીપાવાવ માર્ગ પર ૯ સિંહોનુ ટોળુ માર્ગ પર આવી ચડયુ



અમરેલી,તા.૭

અમરેલી જિલ્લામાં સિંહો હાઈવે ઉપર આવી જવાની ઘટનાઓ પણ અવારનવાર બને છે. ત્યારે વધુ એક ઘટના સામે આવી છે, જેમાં રાજુલાના ભેરાઈ ગામથી પીપાવાવ પોર્ટ તરફ જવાના માર્ગે એકસાથે ૯ સિંહનું ટોળું આવી ચડતાં વાહનોનાં પૈડાં થંભી ગયાં હતાં. હાઈવે પર સિંહોની લટારને પગલે વાહનચાલકે પોતાનું વાહન ઊભું રાખી મોબાઈલમાં આ ઘટનાનો વીડિયો કેદ કરી લીધો હતો

## ૧ લાખથી વધુ વૃક્ષ વાવવાના આશય સાથે

# શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં ૨૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું

**"મા" કે નામ એક વૃક્ષ થીમ અંતર્ગત એક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું**

અમદાવાદ, તા.૭

આજે અષાઢી-બીજના શુભ મુહૂર્તમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે "મા" કે નામ એક વૃક્ષ થીમ અંતર્ગત એક ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પુરુષોત્તમભાઈ રૂપાલા, સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને ગુજરાતના અન્ય મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વસંતભાઈ ગજેરાના જન્મદિવસ નિમિત્તે ૧ લાખ વૃક્ષો વાવી તેનું જતન કરવાનો હતો. આ સંકલ્પને શાળાથી ગામ-ગામ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. આજે



આ કાર્યક્રમના ભાગ રૂપે ૨૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ.આ કાર્યક્રમમાં એસ.એચ ગજેરા પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા શાળા તેમજ જ્ઞાન શક્તિ સ્કૂલ અને ડી.એલ.એસ.એસનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકોએ ખુબ જ ઉત્સાહ સાથે પોતાના હાથે વૃક્ષો વાવ્યા અને તેમના મનમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિના બીજ રોપાયા. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ આ પ્રસંગે જાહેરાત કરી હતી કે આગામી સમયમાં વધુમાં વધુ વૃક્ષો વાવવામાં આવશે અને તેનો સંપૂર્ણ ખર્ચ ગજેરા ટ્રસ્ટ દ્વારા ઉઠાવવામાં આવશે. ફક્ત વૃક્ષો વાવવાનું જ નહીં, પરંતુ તેમનું જતન અને સંવર્ધન કરવાની પણ જવાબદારી લેવામાં આવશે. આ કાર્યક્રમમાં શાળા, મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલના સ્ટાફ સહિત અનેક લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સમગ્ર સમાજમાંથી ભારે પ્રતિસાદ મળ્યો છે અને લોકો પણ ખુબ સહકાર આપી રહ્યા છે.

# વડિયાની ભાગોળે રાનીપશુએ દેખા દેતા સ્થાનિકોમાં ભયનો માહોલ



તસવીર : કિરીટ જોટવા

વડિયા, તા.૭

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાથી જેતપુર તરફ જવાના મુખ્ય રસ્તા પર રાત્રીના સમયે એક વાહન ચાલક પસાર થતા હતા ત્યારે ચારણીયા ગામ પાસે સુરવો નદી પર આવેલ પુલ પર દીપડા જેવું રાની પશુ દેખાતા તેમણે પોતાનું વાહન ધીમું પાડી વીડિયો કેમેરામાં કેદ કર્યો હતો અને એ અચાનક ભેટો નામથી વીડિયો પોસ્ટ કર્યો હતો. જે વાઈરલ થતા વડિયા, ચારણીયા, ચારણ સમઢીયાળા, હનુમાન ખીજડીયાના વિસ્તારમાં ખેતરોમાં વસવાટ કરતા ખેત મજૂરો, પશુપાલકો અને આ વીડિયો મુજબ એ ચારણીયા ગામની નજીક માનવ વસાહત પાસેનો વીડિયો હોવાથી ચારણીયા વાસીઓમાં ફફડાટ જાગ્યો છે અને આ દીપડો કોઈ માણસ કે પાલતુ પશુને નુકસાન કરે તે પહેલા તેને પકડવાની માંગણી ખેડૂતો, ખેત મજૂરો અને પશુપાલકો તરફથી કરવામાં આવી છે.

# અમરેલી જિલ્લા પોલીસદળમાં ફરજ બજાવતા કર્મચારીઓ નિવૃત થયા



અમરેલી,તા.૭

અમરેલી જિલ્લા પોલીસદળમાં ફરજના ૫૮ વર્ષની નોકરી પૂર્ણ કરી અને વયનિવૃત થતા સી.એમ. બડમલીયા, પી.એચ.જોષી, ભુપતભાઈ રાણવા, ભીખુભાઈ વાળા, ભરતભાઈ મહેતા વિરજીભાઈ દાફડા, બાલુભાઈ આખજા વયમર્યાદાને કારણે નિવૃત થતા હોવાથી નાયબ પોલીસ અધિક્ષક એ.જી.ગોહિલ તથા નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના અધ્યક્ષ સ્થાને પોલીસ હેડ કવાટર્સ અમરેલી ખાતે ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતુ. પોલીસ કર્મચારીઓએ પોતાની ફરજ દરમ્યાન કરેલ વિશિષ્ટ સેવાઓ, પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને વયનિવૃતી બાદ જીવનના વૃદ્ધાવસ્થાના દિવસો અને સમય દરમ્યાન નિરોગી સ્વાસ્થ્ય રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે પોલીસ હેડ કવાટર્સ અમરેલી ખાતે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ શુભેચ્છકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. વાંઝાદરજી બિપીનભાઈ કાંતિભાઈ ભરખડાનું તા. તા. ૫/૭/૨૦૨૪ને શુક્રવારના રોજ રામચરણ પામેલ છે. તે કાંતિભાઈના પુત્ર હિતેષભાઈ અને મીનાબેન વાઘેલાના મોટાભાઈ તેમજ જયદીપ અને આરતી ના પિતા થાય છે.

**રાજપરા**

સ્વ. જીતુભાઈ વિરાજીભાઈ ગાહિલ તા.૬ના રોજ અવસાન થયેલ છે. તે લાલુભા વિરાજીભાઈ ,સ્વ. બાબુભાઈ વિરજીભાઈ, વિક્રમસિંહ પાતિશ્રી થાય છે. તેમની ઉત્તરક્રિયા તા.૧૭ને બુધવારના રોજ રાખેલ છે.


KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ


વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





વી. કે. મોટર્સ

VK MOTORS Giving you joy of Best Ride...

MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail : kanpariyavipul4025@gmail.com


## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર

નં.એમએજી/કેસ નં.૧૨/૨૦૨૪ તા.૨૭/૦૬/૨૦૨૪

શ્રી નીલાબેન રમણભાઈ પટેલ, ....અરજદાર
રહે.અમદાવાદ ઠે.૩૦, મુખી વાસ, વિંઝોલ ગામ,પટેલ ખડકી,
વિંઝોલ, અમદાવાદ ૩૮૨૪૪૫

-::વિરૂધ્ધ::-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,વિસાવદર,તા.વિસાવદર ....સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી નીલાબેન રમણભાઈ પટેલ રહે.અમદાવાદ ઠે.૩૦,મુખી વાસ, વિંઝોલ ગામ,પટેલ ખડકી, વિંઝોલ,અમદાવાદની પુત્રી શ્રી શિલ્પાબેન રમણભાઈ પટેલનો જન્મ તા.૧૭/૦૪/૧૯૭૯ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ. ઓફીસરશ્રી, વિસાવદર, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે.કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તારીખ મી જુન ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આઈ. આર. પારગી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (ઈ.ચા)
વિસાવદર

## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર

નં.એમએજી/કેસ નં.૧૩/૨૦૨૪ તા.૨૭/૦૬/૨૦૨૪

શ્રી નીલાબેન રમણભાઈ પટેલ, ....અરજદાર
રહે.અમદાવાદ ઠે.૩૦, મુખી વાસ, વિંઝોલ ગામ,પટેલ ખડકી,
વિંઝોલ, અમદાવાદ ૩૮૨૪૪૫

-::વિરૂધ્ધ::-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,વિસાવદર,તા.વિસાવદર ....સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી નીલાબેન રમણભાઈ પટેલ રહે.અમદાવાદ ઠે.૩૦,મુખી વાસ, વિંઝોલ ગામ,પટેલ ખડકી, વિંઝોલ,અમદાવાદની પુત્રી શ્રી સંગીતા રમણભાઈ પટેલનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૬ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ. ઓફીસરશ્રી, વિસાવદર, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી, વિસાવદર, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે.કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તારીખ મી જુન ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આઈ. આર. પારગી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (ઈ.ચા)
વિસાવદર

## નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૧૫/૨૪ તા.૩૧/૫/૨૦૨૪

વિવાદી:- શ્રી ભુપતભાઈ હરીભાઈ ભાલુ, રે. મીયા ખીજડીયા,તા.બાબરા,જિ.અમરેલી
હાલ-રે. શક્તિ સોસા. માર્કેટીગ યાર્ડ પાસે. રાજકોટ (મો.નં.૭૬૨૨૯૪૮૪૨૯)

વિરૂધ્ધ

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મીયા ખીજડીયા, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના **મોજે.મીયા ખીજડીયા** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **ભુપતભાઈ હરીભાઈ ભાલુનો જન્મ તા.૧૦/૧૧/૧૯૬૬ રોજ મોજે.મીયા ખીજડીયા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૪/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

## જાહેર નોટીસ

ફો.પ.અ.નં. ૧૧૮ /૨૦૨૪

**મહે.શ્રી લાઠીના પ્રાંત એવમ નાયબ કલેકટર સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે, લાઠી

અરજદાર...: માંગરોળા હંસાબેન દેવશીભાઈ (તે વાઈફ ઓફ વીરાણી હરજીભાઈ લાલજીભાઈ) ઉ.વ. ૫૭, ધંધો ઘરકામ ધર્મે હિન્દુ/ પટેલ રહે. ભાલવાવ જી.અમરેલી હાલ સુરત

વિરૂધ્ધ

સામાવાળા...:જન્મ મરણ નોંધણી અધિકારી ત.ક.મ.ભીંગરાડ તા.લીઠી

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર લાઠી તાલુકાના ભાલવાવ ગામ હાલ સુરતના રહેવાસી છે. અરજદારે પોતે **માંગરોળા હંસાબેન દેવશીભાઈ**ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે **માંગરોળા હંસાબેન દેવશીભાઈ**નો જન્મ જે તે સમયે અમારા નિવાસ સ્થાન ભીંગરાડ મુકામે જન્મ તારીખ-**૧/૬/૧૯૬૬** રોજની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૨૩/૭/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટ લાઠી પ્રાંત કચેરી નાયબ કલેકટર કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- લાઠી.

તારીખ:- ૨/૭/૨૦૨૪

શીરીસ્તેદાર ઓફ લાઠી નાયબ કલેકટર કચેરી
લાઠી પ્રાંત ઓફીસ

# બગસરા તાલુકામાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું

બગસરા તા.૭



રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ સરપ્રાઈઝ વિઝીટ અંતર્ગત બગસરા તાલુકાના જુની હળિયાદ ગામે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મુલાકાત લેવામાં આવી હતી, જેમાં શિક્ષણ, આરોગ્ય, પંચાયત સહિતના વિભાગોની તપાસણી કરી સમીક્ષા કરવામાં આવી હતી. બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય, પંચાયત, મધ્યાહન ભોજન, શિક્ષણની વિવિધ સરકારી યોજનાના લાભાર્થીઓ, યોજનાની અમલવારી વગેરે બાબતોની તપાસણી કરવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન દરેક વિભાગોમાં થયેલી વિવિધ સરકારી યોજનાની માહિતી મુખ્યમંત્રી સાથે ઓનલાઈન જોડાઈને વિભાગ મુજબ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા આંકડા અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, બગસરા પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી બગસરા તેમજ પંચાયત અને રેવન્યુ હસ્તકના તાલુકા કક્ષાના અધિકારીઓ પણ જોડાયા હતા.

# લાઠીમાં રૂ.૨.૬૨ કરોડના ખર્ચે બનનાર તાલુકા પંચાયત બિલ્ડીંગનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૭



લાઠી શહેર ખાતે ૨.૬૨ કરોડના ખર્ચે નિર્માણ પામનાર તાલુકા પંચાયત નવા બિલ્ડિંગના બાંધકામ માટે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના લાઠીની તાલુકા પંચાયત છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં છે. કેટલીક ઓફિસો હજુ પણ જુના બિલ્ડિંગમાં છે. જેનાથી અરજદારો અને અધિકારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. જોકે લાઠીના તત્કાલીન તાલુકા પંચાયતના પ્રમુખ અને હાલના સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા સરકારમાં કરાયેલ રજૂઆતને પગલે ૨.૬૨ કરોડના ખર્ચે નવા બિલ્ડીંગની મંજૂરી મળતા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# વડીયાના બરવાળા બાવળ ગામેથી બે ભેંસની ચોરી

વડીયા, તા.૭

વડીયાના બરવાળા બાવળ ગામેથી બે ભેંસની ચોરી થઈ હોવાનો વિચિત્ર બનાવ બન્યો હતો. બનાવ સંદર્ભે વિપુલભાઈ શંભુભાઈ માલાણી (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમની વાડીના ફરજામાં બાંધેલ કુંડલા શીંગડાવાળી ગાભણી બે ભેંસો ચોરીને લઈ ગયો હતો. એક ભેંસની કી રૂ.૧,૨૦,૦૦૦ લેખે બે ભેંસની કિ.રૂ.૨,૪૦,૦૦૦ ની કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ. એમ. કાછેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા કોંગ્રેસ સંગઠનમાં સુધારા કરવા પ્રતાપ દુધાતને રજૂઆત

### પાયાના કાર્યકરો તેમજ મતદાતાઓ વચ્ચે જઈ પાર્ટીને ઉર્જાવાન અને અડીખમ બનાવો

અમરેલી, તા.૭



અમરેલી જિલ્લા કોંગ્રેસ સંગઠનમાં જરૂરી સુધારા કરવા માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતને અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદીપ ધાનાણીએ રજૂઆત કરી છે. તેમણે જણાવ્યુ છે કે, જિલ્લા સંગઠનમાં કાર્યપદ્ધતિમાં બદલાવ કરવાની અત્યંત આવશ્યકતા છે. વીતેલા વર્ષોમાં પાર્ટીનો દેખાવ સાવ કંગાળ રહ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧ માં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ નિરાશાજનક રહ્યા હતા ત્યારબાદ ૨૨- માં વિધાનસભામાં અને હાલ લોકસભા ૨૦૨૪માં પરિણામોએ જિલ્લાના કોંગ્રેસ પક્ષના કાર્યકરોને નિરાશ કરી દીધા છે. ત્યારે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે સંગઠનને મજબુત બનાવવા પાયાના કાર્યકરો તેમજ મતદાતાઓ વચ્ચે જઈ પાર્ટીને ઉર્જાવાન અને અડીખમ બનાવો તેવી રજૂઆત કરી છે.

# સાવરકુંડલામાં પરિણીતાએ ટેન્શનમાં આવી ઝેરી દવા પીધી

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાએ પોલીસમાં જાહેર કર્યા મુજબ, તેમના લગ્ન ત્રણેક વર્ષ પહેલા થયા હતા. તેના પતિ સાથે પિયરમાં રહેતા હતા અને ૨૦૨૧માં બળાત્કારની ફરિયાદ કરી હતી. જે કેસમાં સાવરકુંડલા સેશન્સ કોર્ટમાં મુદતે ગયા હતા. આ વખતે સામાવાળા પણ કોર્ટ મુદતે આવ્યા હતા અને તેઓ એકબીજા વાતો કરી દાંત કાઢતા હતા. જેથી તેમણે ટેન્શનમાં આવી જઈ પોતાની મેળે તેના ઘરે ઝેરી દવા પી લીધી હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ હાજાભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભામાં આવેશમાં આવી ઝેરી દવા પીનારી પરિણીતાનું મોત

### રાજુલાના પટવા ગામે પુરૂષે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

ખાંભા, તા.૭

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લા બડીપલના અને હાલ ખાંભાના રાણીંગપરા ગામે રહેતા કિશનભાઈ નશરૂભાઈ માવી (ઉ.વ.૪૩)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની રાજુબેનને દારૂ પીવાની ટેવ હતી અને મગજના ધૂની હતા. જેથી આવેશમાં આવી ઝેરી દવા પી લેતા મરણ પામ્યા હતા.

ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એસ.ડાભી વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલાના પટવા ગામે રહેતા રાધાબેન કેશાભાઈ શિયાળ (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ કેશાભાઈ સોંડાભાઈ શિયાળ (ઉ.વ.૩૦) ઘણા વર્ષો પહેલા મો.સા. પરથી પડી જતા માથાના ભાગે ઈજા થઈ હતી. તેના કારણે માનિસક સ્થિતિ અસ્થિર હતી અને અવાર-નવાર ગાંડપણ કરતા હતા. બે દિવસ પહેલા ઘરે પોતાની મેળે જારમાં છાટવાની ઝેરી દવા પી' જતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા.

# રાજુલા-જાફરાબાદ-ખાંભા ખરીદ વેચાણ સંઘના ઉમેદવારોનો સ્વાગત કાર્યક્રમ

રાજુલા,તા.૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા-જાફરાબાદ-ખાંભા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં સહકારી આગવાન દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જીજ્ઞેશભાઈ પટેલ અને આહીર સમાજના અગ્રણી પીઠાભાઈ નકુમની આગેવાનીમાં ૧૪ ઉમેદવારો બિનહરીફ જાહેર થતા તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તમામ ઉમેદવારો માટે જીજ્ઞેશભાઈ પટેલની આગેવાનીમાં તમામ ઉમેદવારો માટે સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

# જેજાદમાં હોર્ન મારતા યુવકને ઠપકો આપતાં ધમકી આપી

વંડા, તા.૭

સાવરકુંડલાના જેજાદ ગામે એક યુવકના ઘર પાસે અન્ય યુવક જોર જોરથી હોર્ન મારતો હતો. જેથી તેને ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું અને લોખંડની પાઈપ વડે મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ખુશાલભાઈ લાલજીભાઈ દેંગડા (ઉ.વ.૨૨)એ મુકેશભાઈ જીવણભાઈ દેંગડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેના ઘર પાસે પોતાની ફોરવ્હીલ ગાડીના જોર-જોરથી હોર્ન મારતો હતો. જેથી ઠપકો આપતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને લોખંડની પાઈપ વડે મૂંઢ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.આર.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૦૮-૦૭-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૯,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૭-૨૦૨૪ સોમવાર

મેષ: કામના સ્થળે સાનૂકુળ પરિસ્થિતિ રહેશે. વેપારમાં લાભના સંજોગ છે. પારિવારિક જીવનમાં જીવનસાથી સાથે સુમેળભર્યા સંબંધો રહેશે.

વૃષભ: આજે ગુસ્સો વધારે આવશે તો અંકુશ જાળવી રાખજો. કેટલાક લોકોને આળસ આવશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ખાસ ધ્યાન આપવું.

મિથુન: આજે ટીમવર્કમાં કામ કરવું જોઇએ, જેથી સારા પરિણામ મળશે. મિત્ર માટે પ્રેઝન્ટ ખરીદતી વખતે ખર્ચ પર ધ્યાન આપવું.

કર્ક: આજે આપ દિવસ દરમિયાન વ્યસ્ત રહેશો. આજે રોકાણ કરવાનું વિચારી રહ્યો છો તો દિવસ શ્રેષ્ઠ છે. કામકાજ અંગે કાળજી રાખીને આગળ વધજો.

સિંહ: આજનો દિવસ મંગળમય રહેશે. કામના સ્થળે તાલમેલથી કામ કરવું અને સહ કર્મચારીઓ સાથે વિવાદમાં ઉતરતાં બચવું.

કન્યા: વિદ્યાર્થીઓ અભ્યાસ પર ધ્યાન આપે. વેપાર અર્થે નવી ટેકનિક ફાયદામાં રહેશે. સાંજ સુધી લાભ થશે, મહેનતની કામ કરતા રહેજો.

તુલા: આજનો દિવસ હળવો રહેશે. ઉતાવળમાં કામ કરતાં નુકસાન પહોંચી શકે છે. પ્રયત્ન કરતાં રહેશો તો અટકેલુ કામ પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજે જીવનમાં કંઇક ખાસ અનુભવ થશે,આજે એક સમયે એક જ કામ કરવાનો દિવસ છે, એકથી વધારે કામ તમને નુકસાન કરી શકે છે.

ધન: આજનો દિવસ શુભ રહેશે. કામનું પ્રેશર રહેશે, જૂની અડચણનો અંત આવી શકે છે. બીજાને સહાય કરશો તો તમને પણ મદદ મળશે.

મકર: આજે તમારો દિવસ સારો વિતશે. ગુસ્સો આવી શકે છે, તો દિવસ દરમિયાન વાણી પર અંકુશ રાખવો જરુરી છે, નહીં તો પરિવારમાં વિવાદ વધશે.

કુંભ: આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. બપોર સુધી આકરી મહેનત કરવી પડશે. સાંજના સમયે કામમાંથી સમય કાઢીને પાર્ટી કરી શકો છો.

મીન: આજે બપોર પહેલા કોઇ સારા સમાચાર મળી શકે છે. કામના સ્થળે સહયોગીઓની મદદ મળશે, ટીમવર્કથી તમારું કામ સમયસર પૂરુ થશે.

# અમરેલી જિલ્લામાં વ્યાજખોરોની રંજાડની વધુ બે ફરિયાદ નોંધાઈ

### અમરેલી સિટીમાંથી વ્યાજંકવાદી બે રીક્ષા, આરસી બુક ઉઠાવતાં ગયા

અમરેલી, તા.૭

અમરેલી જિલ્લામાં વ્યાજખોરોના આતંકની વધુ બે ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. અમરેલીમાં જેસીંગપરામાં રહેતા દિલીપભાઈ ભરતભાઈ સલાટ (ઉ.વ.૩૩)એ ગારીયાધારના ધણકુવા પ્લોટમાં રહેતા ઈરફાનભાઈ રજાકભાઈ કાસમાણી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમને નાણાં ધીરધાર લાયસન્સ વગર દર મહિને રૂ.૫૦૦૦ ના વ્યાજ પેટે રૂ.૧,૨૫,૦૦૦ આપી વ્યાજની રકમ ચુકવવા સારૂ વારંવાર પઠાણી ઉઘરાણી કરતા હતા. ઉપરાંત સાહેદ ભનુભાઈને પણ દર મહિને રૂ.૬૦૦૦ વ્યાજ પેટે રૂ.૧,૧૫,૦૦૦ આપી વ્યાજના પૈસા નહી ચુકવતા આરોપીએ ગાળો આપી ટાંટીયા ભાંગી નાંખવાની ધમકી આપી, બળજબરી કરી, તેમની તથા સાહેદ ભનુભાઈની ભાર રીક્ષા અને આર.સી.બુક લઈ લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એચ.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે. દામનગરમાં રહેતા સંજયગીરી પ્રેમગીરી ગૌસ્વામી (ઉ.વ.૪૦)એ ઢસાના જયેશગીરી બળદેવગીરી ગૌસ્વામી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે ફરીયાદી પાસેથી રૂા.૪૬,૦૦૦ ૧૦% ના વ્યાજ દરે પઠાણી ઉઘરાણી કરી કુલ રૂ.૩૨,૨૦૦ વ્યાજ લઈ તથા સાહેદ ભરતભાઈ ઉર્ફે ચીમનભાઈ કાનજીભાઈ રાઠોડ પાસેથી રૂ.૨૦,૦૦૦ નું ૧૦% લેખે રૂ.૪૦૦૦ વ્યાજ લેતા હતા. તેમજ તેઓ એક મહિનાનું વ્યાજ નહી આપી શકતા આરોપીએ ગાલે બે-ત્રણ ઝાપટો મારી અને વ્યાજ નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી હતી.

# શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસ ખાતે શાળકીય રમત ગમત સ્પર્ધા યોજાઈ

### ૩૫૦૦થી વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

અમરેલી, તા.૭

અમરેલીમાં શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસ ખાતે બાલમંદિરથી ધો. ૧૨ના વિદ્યાર્થીઓની રમત ગમત સ્પર્ધા યોજાઈ હતી. દોડ, ફેંક, કબડ્ડી, ખો-ખો, બેડમિંટન, હેન્ડબોલ, ૫૦ મીટર દોડ, ફ્રોમ, ચાંદલા જોડ, પીકોક ધ પેન્સિલ, બિસ્કિટ બાઈટ, મ્યુઝિક ચેર, લેમન સ્પુન, લોટ ફૂંકણી, ચેસ જેવી રમત રમ્યા હતા. જેમાં ૩૫૦૦થી વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# સાવરકુંડલામાં પુરુષને જાનથી મારી નાખવાની ધમકી આપી

સાવરકુંડલા, તા.૭

સાવરકુંડલામાં એક પુરુષને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. પરબતભાઈ કાબાભાઈ સોલંકી (ઉ.વ.૫૦)એ લાલજીભાઈ લવજીભાઈ સોલંકી, વાલજીભાઈ લવજીભાઈ સોલંકી, કમલેશભાઈ લવજીભાઈ સોલંકી, અર્જુનભાઈ લાલજીભાઈ સોલંકી, અજયભાઈ નરશીભાઈ સોલંકી તથા લાભુબેન લવજીભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભત્રીજા બીજા જોડે ફોન પર ઉંચા અવાજે વાત કરતા હતા. જેથી લાલજીભાઈ સોલંકીને એવું લાગેલ કે તે તેને કહે છે. જેથી તે લોખંડનું ધારીયું લઈને આવ્યા હતા અને તેઓ બચાવવા જતા તેને માર માર્યો હતો. તમામ આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી થોડીવાર રહીને આવી, ગાળો બોલી ઢીકાપાટુનો માર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# મેઘા પીપળીયા ગામે જમીનના કબજા મુદ્દે પ્રૌઢને ઢીકાપાટુ માર્યા

વડીયા, તા.૭

વડીયાના મેઘા પીપળીયા ગામે જમીનના કબજા મુદ્દે માથાકૂટ થઈ હતી. બનાવ અંગે ધનજીભાઈ મેઘજીભાઈ ભુવા (ઉ.વ.૭૨)એ રાજકોટના રણજીતભાઈ ભીમજીભાઈ આહીર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દિકરા નિલેશભાઈની જમીન ચંદુભાઈના પિતાજી બચુભાઈ અરજણભાઈ દેસાઈના નામે કરાવી લીધી હતી. આ જમીન ચંદુભાઈએ આરોપીને વેચી હતી પરંતુ આ જમીનનો કબ્જો તેમની પાસે હતો. જેનો દાવો અમરેલી કોર્ટમાં શરૂ હતો. આ જમીનનો કબજો તેમની પાસે હોવાથી તેઓ જમીન વાવતા હતા. જેથી આરોપીને સારૂ નહીં લાગતા તેનુ મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો બોલી, શરીરે ઢીકાપાટુનો મારી મારી મુઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# વડ ગામના પાટીયા પાસેથી ૩ જિલ્લામાંથી હદપાર કરાયેલો ઈસમ ઝડપાયો

રાજુલા, તા.૭

રાજુલાના વડ ગામના પાટીયા પાસેથી ત્રણ જિલ્લામાંથી હદપાર કરાયેલો ઈસમ ઝડપાયો હતો. જાફરાબાદના લોઠપુર ગામના મનુભાઈ ઉર્ફે મનોજ ઉર્ફે મનો નાથાભાઈ મકવાણાને ત્રણ મહિના માટે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાંથી કોર્ટે હદપાર કર્યો હતો. તેમ છતાં કોઈપણ પૂર્વ મંજૂરી વગર હદપારી હુકમનો ભંગ કરતાં મળી આવ્યો હતો.

# ટીંબી ચેક પોસ્ટ પરથી દારૂના ચપટા સાથે વઢેરા ગામનો યુવક ઝડપાયો

અમરેલી, તા.૭

ટીંબી ચેક પોસ્ટ પરથી વઢેરા ગામે રહેતો એક યુવક ભારતીય બનાવટ વિદેશી દારૂના બે ચપટા સાથે ઝડપાયો હતો. અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ચાર મહિલા સહિત ૧૩ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. ચલાલા, કાંકચ, ટીંબી ચેક પોસ્ટ અને સીંભડા ગામેથી એક એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

**તંત્રી લેખ**

# સ્માર્ટ વિલેજ આજના વિકાસની જરૂરિયાત

ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા શહેર ઝડપથી વિકાસ પામી રહ્યા છે. આ શહેરો સ્માર્ટ સિટી કહી શકાય ખરા? શહેરો મોટા હોય એનો અર્થ એવો નથી કે તે સ્માર્ટ સિટી હોઈ શકે. સ્માર્ટ સિટીની વ્યાખ્યા અલગ છે સામાન્ય સમજ એવી છે કે કોઈપણ શહેર નાનું હોય કે મોટું હોય તેમાં મૂળભૂત પાયાની જરૂરિયાત પૂરતા પ્રમાણમાં હોય અને મોટાભાગના લોકો ગ્રીન પાવરનો ઉપયોગ કરતા હોય. આવા શહેરોમાં પ્રદુષણનું પ્રમાણ ઓછું હોય. મોટાભાગના લોકો સોલાર પાવરનો ઉપયોગ કરતા હોય મતલબ કે ગ્રીન પાવર પર આધારિત હોય અને તેમના નિવાસ્થાનો પણ ઈકો ફ્રેન્ડલી હોય તો જ તે શહેરની સ્માર્ટ સિટી કહી શકાય જો કે આમાં ઘણા મહત્વના મુદ્દા પણ છે સમગ્ર શહેરમાં ડિજિટલ નેટવર્ક ખૂબ જ હોવું જરૂરી છે આવી રીતે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ પણ પ્રથમ કક્ષાની હોય તો જ તે શહેર સ્માર્ટ સિટી બની શકે મોટા શહેરોના વિકાસની વાત આવે ત્યારે સૌથી પહેલા સ્માર્ટ સિટી નામનો શબ્દ સૌની યાદ આવે ઘણાને લાગે કે સ્માર્ટ એ વ્યક્તિ હોય સીટી કઈ ઓછું સ્માર્ટ હોય? સ્માર્ટ ફોન શબ્દ છે એવી રીતે સિટી માટે પણ સ્માર્ટ શબ્દ વપરાય છે ફોન જેવી રીતે ટેકનોલોજીનો પર્યાય ગણાય છે. એવી જ રીતે મોટા શહેરને આધુનિક રૂપ આપવાની જે વાત છે તે માટે શહેર માટે સ્માર્ટ સિટી શબ્દ વપરાય છે. પણ ખરા અર્થમાં સ્માર્ટ સિટીનો અર્થ થાય શહેરી વસાહતને સરકાર દ્વારા મળતી સુવિધાને ટેકનોલોજી સાથે સંલગ્ન કરી વધુ સારી સુવિધા પૂરી પાડવી. આપણે જાણીએ છીએ કે ભારત એક લોકતાંત્રિક દેશ છે, જેમાં સરકારની પ્રજા પ્રત્યે કેટલીક ફરજો હોય છે. સરકાર પ્રજા પાસેથી કર સ્વરૂપે એકઠા કરેલા નાણાંમાંથી પ્રાથમિક સુવિધાઓ જેવી કે સ્વાસ્થ્ય, શિક્ષણ, રોડ-રસ્તાઓ, પાણી, સ્વચ્છતા વગેરે પૂરું પાડે, તે સરકારની એક સામાન્ય ફરજ છે. કારણ કે લોકતંત્રમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોક કલ્યાણ માટે છે. ભારત જેવા વધુ વસતી ગીચતા ધરાવતા દેશમાં ઉપર્યુક્ત સુવિધાઓ યથાયોગ્ય લોકો સુધી પહોંચાડવી હોય તો સ્માર્ટ સિટી આવશ્યક છે. કારણ કે ટેકનોલોજી વર્તમાન યુગનું એક એવું સાધન છે, જેનાથી ખૂબ ઓછા સમયગાળામાં લોકો સુધી પહોંચી શકાય છે અને તેમના સુધી પ્રાથમિક સુવિધાઓ સરળતાથી પહોંચાડી શકાય છે. ભારતની કુલ વસતીની અંદાજિત ૩૧% વસતી શહેરોમાં નિવાસ કરે છે. જેનો ભારતની અર્થવ્યવસ્થામાં ફાળો લગભગ ૬૧%થી ૬૨% જેટલો છે. તેથી જો ભારતે વિકાસશીલ દેશોની શ્રેણીમાંથી વિકસિત દેશોની શ્રેણી તરફ પ્રયાણ કરવું હોય તો 'સ્માર્ટ સિટી' આવશ્યક શરત છે.


# સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિની પરંપરા માનવીય ચેતનાના ઉચ્ચ શિખરો છે




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

જર્મની થી માંડી અમેરીકા સુધીના મોટાભાગના વિદ્વાનો એમ માને છે કે દુનિયામાં ભારતીય સંસ્કૃતિ સર્વોત્તમ છે તેનું કારણ તેના શાશ્વત અને ઉચ્ચ મૂલ્યો છે આના કારણે ભારતીય સંસ્કૃતિની વિશ્વ સંસ્કૃતિ માનવામાં આવે છે જોકે આની સામે સનાતન ધર્મ અને પ્રાચીન સંસ્કૃતિને ઉતારી પાડી તેને નષ્ટ કરવાના પ્રયાસો કરનાર લોકો પણ મોટી સંખ્યામાં જ છે અને તે લોકો ભારતીય સંસ્કૃતિના જીવન મૂલ્યોને તોડી નાખવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે આમ છતાં ભારતીય સંસ્કૃતિ અણનમ છે. ભારતનો આર્થિક વિકાસ તીવ્ર ગતિથી થઈ રહ્યો છે વિશ્વના ટોપ ટેન ઈકોનોમીમાં ભારતનો સમાવેશ થઈ જશે જેને કારણે આજે આપણે વિકાસના ઉચ્ચ શિખરે પહોંચી ગયા છીએ, તો બીજી બાજુ અનેક વૈશ્વિક સંકટો પણ ઊભાં કર્યાં છે. આજે આપણું વિશ્વ એક ઈલેક્ટ્રોનિક કોર્ટેજ જેવું બની ગયું છે એક વ્યક્તિ બીજી વ્યક્તિથી સાવ નજીક હોવા છતાં તે અમાપ અંતરે હોય તેવું આજે વાતાવરણ છે. **Facebook** પર હજારો ફ્રેન્ડસ હોવા છતાં સગા ભાઈ સાથે વાત કરવાનો સમય ન હોય તેવું આજે બની રહ્યું છે બીજી બાજુ લોકોનાં દિલો વચ્ચેનું અંતર વધી રહ્યું છે. દુનિયામાં ઘૃણા, દ્વેષ, હિંસા, સંઘર્ષ, યુદ્ધો વગેરેમાં વધારો થયો છે. એકબીજા પ્રત્યે સદભાવ, વિશ્વાસ તથા માનવીય મૂલ્યોનો નાશ થઈ ગયો છે. આવી પરિસ્થિતિમાં ભારતીય સંસ્કૃતિની મહત્તા પહેલાં કરતાં પણ વધારે જરૂરી બની ગઈ છે. ભારતીય સંસ્કૃતિ પોતાનાં શાશ્વતમૂલ્યોના કારણે વિશ્વસંસ્કૃતિની ભૂમિકા નિભાવવામાં સક્ષમ છે. તે માણસના વ્યક્તિત્વને શુદ્ધ તથા પવિત્ર બનાવીને તેને દેવોપમ બનાવે છે. ભારતીય સંસ્કૃતિની મહાનતાની મુક્તકંઠે પ્રશંસા કરતાં વિશ્વવિખ્યાત કલા સમીક્ષક મેક્સમુલર કહે છે કે બીજા કોઈ દેશે ભારત જેવી ઉચ્ચ સંસ્કૃતિનું નિર્માણ કર્યું નથી. કોઈ પણ ધર્મને જીવનદર્શન સમજાવવામાં આટલી સફળતા મળી નથી. ભારતનું જ્ઞાન જેટલું ઉચ્ચ, સમૃદ્ધ તથા શક્તિશાળી છે એટલું બીજા કોઈ પણ દેશનું નથી. ભારતીય સંસ્કૃતિના જ્ઞાન તથા વિજ્ઞાનથી મુગ્ધ થયેલા જર્મન વિદ્વાન મેક્સમૂલર આગળ લખે છે કે જો મને કોઈ પૂછે કે માનવીય મસ્તકની સૂક્ષ્મતમ શક્તિઓને વિકસિત કરવામાં કયા દેશે સફળતા મેળવી છે, જીવનની મોટામાં મોટી સમસ્યાઓ પર વિચાર કર્યો છે તો હું ભારતવર્ષ તરફ ઈશારો કરીશ. પોતાની સાંસ્કૃતિક વિશેષતાઓના કારણે ભારત પાસે આજે દુનિયાને બહુ મોટી આશા છે. વિશ્વ લોકોને દિશાબોધ કરાવવા માટે અને સાંસ્કૃતિક નેતૃત્વ કરવા માટે ભારત પાસે અપેક્ષા રાખી રહ્યું છે. ભારતીય સંસ્કૃતિની વિકાસયાત્રા હજારો વર્ષોથી ચાલી આવી છે. મિસર, બેબીલોન, ગ્રીસ, રોમન તથા સુમેર જેવી પ્રાચીન સંસ્કૃતિઓના આજે માત્ર અવશેષો રહી ગયા છે. તેમનો વૈભવ નષ્ટ થઈ ગયો છે અને તે બધી સંસ્કૃતિઓ વિલીન થઈ ગઈ છે. ઈતિહાસના વિશેષજ્ઞો સિવાય બીજાકોઈને એમના વિશે કોઈ જ્ઞાન નથી. ભારતીય સંસ્કૃતિની આ અમરતાનું કારણ તેનો સર્વધર્મ સમભાવ અને ઉચ્ચ અધ્યાત્મ, તેના અમરગ્રંથો જેવા કે વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ, ષડ્દર્શન, રામાયણ, મહાભારત વગેરે છે. અહીંની પુણ્યભૂમિમાં યથાસમયે દિવ્ય આત્માઓ અને મહાપુરુષો નિરંતર પેદા થતા રહ્યા છે. તેઓ માત્ર ભારતને જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વને સજ્ઞાનનો પ્રકાશ આપતા રહ્યા છે. આ જ કારણે ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ આજે પણ યથાવત્ ટકી રહ્યું છે. અનેક આક્રમણખોરોએ તેનો નાશ કરવા માટે ભયંકર પ્રહારો કર્યા, પરંતુ ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ અધ્યાત્મની સામે તેમના બધા પ્રયાસો નિષ્ફળ ગયા. આધ્યાત્મિકતા ભારતીય સંસ્કૃતિને સમજવાની ગોલ્ડન કી છે. આપણું ઉચ્ચ અધ્યાત્મ તેને બીજી સંસ્કૃતિઓથી અલગ પાડે છે. આપણા દેશમાં આત્મા તથા પરમાત્મા વિશે જેટલું ચિંતન કરવામાં આવ્યું છે એટલું બીજે ક્યાંય નહિ થયું હોય. શ્રી અરવિંદ લખે છે કે ભારતીય સંસ્કૃતિમાં ધર્મ દ્વારા ક્રિયાશીલ થયેલું દર્શન અને એ દર્શન એટલે કે તત્ત્વજ્ઞાન દ્વારા આલોકિત ધર્મ જ નેતૃત્વ કરતો આવ્યો છે. બીજી બધી કલાઓ, કાવ્ય વગેરે તો માત્ર તેનું અનુસરણ કરે છે. નિઃસંદેહ ભારતીય સંસ્કૃતિ સમગ્ર વિશ્વે અપનાવવા યોગ્ય એક માત્ર સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ આરંભથી જ આધ્યાત્મિક, અંતર્મુખી, ધાર્મિક તથા દાર્શનિક સંસ્કૃતિ રહી છે અને આજે પણ તેનું એ સ્વરૂપ ટકી રહ્યું છે. અહીં આધ્યાત્મિક મહાપુરુષોને જેટલી પ્રતિષ્ઠા મળી છે એટલી શ્રીમંતો તથા સત્તાધીશોને મળી નથી. ભારતીય સંસ્કૃતિની વિશેષતા તેની સર્વવ્યાપકતા તથા સમગ્રતા છે. જીવનની સંપૂર્ણ શુદ્ધિ તથા પવિત્રતા, સમાજનો સર્વાંગી વિકાસ અને આત્માનાઉત્કર્ષનું જે ચિંતન અહીં જોવા મળે છે તે અન્યત્ર દુર્લભ છે. જે વિચારશીલ અને સત્યનું સંશોધન કરનારા વિદેશીઓએ ભારતીય સંસ્કૃતિના શાશ્વત ચિંતનપ્રવાહમાં થોડીક પણ ડૂબકી મારી છે તેઓ હંમેશને માટે ભારતીય સંસ્કૃતિના ચાહક બની ગયા. દરેક યુગમાં તથા દરેક દેશમાં ભારતીય સંસ્કૃતિના આવા ચાહકોની લાંબી યાદી જોવા મળશે. તેઓ આપણી સંસ્કૃતિના ઊંડા તત્ત્વજ્ઞાનથી ખૂબ પ્રભાવિત થયા હતા. ભારતીય સંસ્કૃતિએ જીવનના દરેક પાસા પર પ્રકાશ પાડયો છે. જીવનની લૌકિક તથા આધ્યાત્મિક ઉન્નતિ માટે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષનું અદ્ભુત ચિંતન આપણને આપ્યું છે. માનવ જીવનની સાર્થકતા વિશે ભારતીય સંસ્કૃતિ ઉચ્ચસ્તર ની વિચારધારા ધરાવે છે.જીવનનો ક્રમિક વિકાસ કરીને તેને ચરમ ઉત્કર્ષ સુધી પહોંચાડનારી વર્ણાશ્રમ વ્યવસ્થા ભારતીય સંસ્કૃતિની અનોખી વિશેષતા છે. સમયના પ્રવાહ સાથે એમાં થોડી વિકૃતિઓ આવી ગઈ છે, એમ છતાં એની પાછળ રહેલું તત્ત્વજ્ઞાન તથા સંદેશ અદભુત તથા વિચારણીય છે. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં કદાચ બીજી સંસ્કૃતિઓનું પણ થોડુંઘણું યોગદાન રહ્યું હશે. આર્યો, અનાર્યો, શક, હૂણ, ગ્રીક, કુષાણ, પારસી વગેરે અનેક પ્રજાઓ અહીં આવી અને આપણી સંસ્કૃતિમાં સમાઈ ગઈ. ભારતીય સંસ્કૃતિ અત્યંત ઉદાર છે. તેણે બધાનો સ્વીકાર કરી લીધો.ભારતીય સંસ્કૃતિની આ સમન્વયકારી દૃષ્ટિ અદભુત અને વિરલ છે. તે એક મહાસાગરની જેમ અનેક ઉત્તમ વિચારધારાઓને પોતાની અંદર સમાવી લે છે. તેણે બીજી સંસ્કૃતિઓની વિચારધારા, જ્ઞાન, તત્ત્વદર્શન, કલા વગેરેને આત્મસાત્ કરી લીધાં છે. વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા છે.ભારતીય સંસ્કૃતિની બીજી એક વિશેષતા તેની ઉદારતા તથા સહિષ્ણુતા છે. "એકં સદ્વિપ્રા બહુધા વદન્તિ" આ વેદવાક્યમાં તેનું ચિંતન બીજરૂપમાં જોવા મળે છે. ઈશ્વર એક જ છે, ભલે તેનાં નામ જુદાં જુદાં હોય. આપણા ધર્મમાં ૩૩ કોટિ દેવીદેવતાઓ માનવામાં આવ્યાં છે. બીજા ધર્મોનાં દેવીદેવતાઓનો પણ વિરોધ કરવામાં આવ્યો નથી કારણ કે ભારતીય સંસ્કૃતિ એવા કોઈ ભેદભાવમાં માનતી નથી. સમગ્ર વિશ્વમાં એક જ પરમાત્મા છે અને લોકો તેમને જુદા જુદા સ્વરૂપે પૂજે છે. આવી માન્યતા માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળે છે.એના કારણે આપણી સંસ્કૃતિમાં ધાર્મિક દ્વેષ તથા વેરઝેર જોવા મળતાં નથી. આપણા કોઈ પણ સમ્રાટે બીજા ધર્મની ભાવનાઓને ઠેસ પહોંચાડી નથી.

# સકળ સૃષ્ટિમાં અટળક રહસ્યો,માણી શકાય પણ માપી ના શકાય!





**મનન ચિંતન**
**ભરત બાવીશી**

સૃષ્ટિની રચના અને સકલ વિશ્વની વિવિધ અજાયબીઓ અદભુત અને અનેરી છે. માત્ર તેને નીરખી શકાય અને માણી શકાય છે પણ માપવાનો પ્રયાસ કરીએ તો આપણો પનો ટૂંકો પડે છે. કુદરતની અનંત લીલાનો તાગ મેળવવો એ આપણા ગજા બહારની વાત છે. વિશાળ બ્રહ્માંડમાં અનેક નિહારિકા, સૂર્ય મંડળના વિવિધ ગ્રહો અને ઉપગ્રહો,તારા મંડળ આ બધાની થોડી ઘણી માહિતી માણસના સેકડો વર્ષના સંઘર્ષરત પ્રયત્નો થકી મેળવી શક્યા છીએ. આટલું વિજ્ઞાન આગળ વધ્યું છતાં બ્રહ્માંડના અનેક રહસ્યો અકબંધ છે જેને પામવા પામર માનવી અથાગ પ્રયત્નો કરે છે પણ એમ કંઈ કુદરતી રચનાના રહસ્યો સો ટકા થોડા જાણી શકાય? આપણે તો સમગ્ર બ્રહ્માંડની વાત કરી રહ્યા છીએ, પરંતુ જેના પર આપણે વસવાટ કરીએ છીએ તે વિશાળ પૃથ્વી કે જે બ્રહ્માંડનો એક ટપકા જેવડો ભાગ છે તેના અગણિત રહસ્યોને ઉકેલી શક્યા નથી એટલી અપાર અને અગણિત વિવિધતા અને વિશિષ્ટતા સૃષ્ટિમાં રહેલી છે. વિશાળ ઉપખંડના જમીન ભાગ કરતા ત્રણ ગણો ભાગ જળ વિસ્તારનો છે ત્યારે આ બંને ભાગ પરની સજીવ સૃષ્ટિની વાત કરીએ તો કરોડો જીવ અને અબજો પ્રકારની વનસ્પતિ જેના અલગ અલગ ગુણધર્મોને પણ પુરે પૂરા જાણી શક્યા નથી. આ અબજો જીવોમાં દરેકની રચના પણ વિશિષ્ટ હોય છે. માત્ર માનવીની વાત કરીએ તો પૃથ્વી પરના અબજો માણસોમાં પણ શરીરની આંતરિક રચનામાં સામ્યતા હોવા છતાં દરેકના રૂપ,રંગ અને આકાર જુદા જુદા. કહેવાય બધા માનવી પણ દરેકના સ્વભાવ જુદા જુદા અને વિચાર સાવ નોખા નોખા. માનવ શરીરની રચના પણ અદભુત છે. અબજો કોષો, કરોડો કેશિકાઓ, લાખો નળીઓ અને અનેક અંગ ઉપાંગોને કાર્યરત રાખવા સતત ધબગતું હૃદય પણ કંઈ ઓછી અજાયબી નથી. સેકડો ચેતાઓને એક નાનકડા મગજ દ્વારા સંદેશાઓ લેવા દેવાની અને એ મુજબ આખા શરીરને ચેતનાની પ્રતીતિ કરવાની પદ્ધતિ કંઈ સરળતાથી સમજાય તેવી નથી હો. નિષ્ણાંત ન્યુરોસર્જન પણ ઓપરેશનની સફળતા માટે ઈશ્વરને પ્રાર્થના કરતા હોય છે. આવી કુદરતની કળાને સમજવી સહેલી નથી. માત્ર માણી શકાય પણ માપી ના શકાય અને જ્યારે જ્યારે માણસે કુદરતી રહસ્યોને માપવાનો પ્રયાસ કર્યો છે કે ચેલેન્જ કરી છે ત્યારે ત્યારે કુદરત રૂઠી છે. કુદરત કૃપાળુ છે, એની કૃપાનો લાભ લેવાય પણ એના પર કંટ્રોલ કરવાની ભૂલ ન કરાય. વિજ્ઞાને અથાગ પ્રયત્નો અને પ્રયોગોના અખતરા બાદ દિવસ રાત, ઋતુ ચક્ર ને સમજી લીધું છે પણ એ માત્ર નિરીક્ષણ કરી શકે. એમાં ફેરફાર ના કરી શકે, ઠંડી,ગરમી અને વરસાદને માપી શકે પણ ક્યારે કેટલી ઠંડી, ગરમી કે વરસાદ પડવો એનો કંટ્રોલ વિજ્ઞાન પાસે નથી. એતો કુદરતી જ્યાં જેવું હવામાન રહેવાનું હોય તેવું જ થાય એને જોઈ શકાય,માણી શકાય પણ રોકી શકાય નહિ. વિવિધ કુદરતી અફાતોમાં પણ એવું જ છે. આવે તો અણધારી આવી જાય અને ના આવે તો આગાહી પણ ખોટી પડતી હોય છે. ભૂકંપ જેવી આપત્તિની આગાહી પણ કરી શકાતી નથી. ટૂંકમાં જળ હોય કે સ્થળ હોય, ધરતી હોય કે આકાશ હોય બધી જગ્યાએ અનંત અને અગણિત કુદરતી રહસ્યો રહેલા છે.કેટલાક રહસ્યોને માનવ સમજી શક્યો છે તો કેટલાક ને સમજવા લાખો વર્ષોથી મથામણ ચાલુ છે અને આવા અનેક રહસ્યો હજી આપણી દૃષ્ટિની બહાર પડ્યા હશે એની આપણને જાણ સુધા નથી. સૃષ્ટિ પરના સજીવોને આપણે ઓળખની સરલતા માટે વિજ્ઞાન એનું વર્ગીકરણ કરી શકે પણ નાનામાં નાનું પતંગિયું કે જે રાત્રે પ્રકાશ આપે છે એની જટિલ રચનામાં ફેરફાર ના કરી શકે. વિજ્ઞાન મનુષ્યના અમુક અંગોને બદલવી શકે પણ બનાવી ના શકે. મનુષ્યના શરીરમાં ફરતા લોહીની લેબોરેટરી કરીને એના ગ્રુપ મુજબ મેચ થતું લોહી બદલવી શકે પણ એ લોહીને લેબોરેટરીમાં બનાવી ના શકે. દવાઓના ડોજથી રોગ સામે પ્રતિકાર કરાવી શકે પણ જ્યારે શ્વાસ ખૂટે ત્યારે એમાં પ્રાણ પૂરી ના શકે! નાનકડી કીડીથી માંડીને વિશાળકાય હાથી જેવા પ્રાણીઓ અને ચકલીથી માંડીને ગરુડ જેવા પક્ષીઓને આપણે નરી આખે જોઈ શકીએ છીએ એ બધાને માત્ર ઓળખી શકીએ પણ એ બધાની આંતરિક રચનાને પામી ના શકીએ. આ સિવાયના નરી આંખે ના જોઈ શકાય તેવા અસંખ્ય સજીવો સાથે વનસ્પતિ સૃષ્ટિનું પણ કેટ કેટલું વૈવિધ્ય રહેલું છે એ બધાંની તો આપણે ઓળખ પણ કરી શકતા નથી.સમજવાની વાત તો ખૂબ દૂરની છે.આમ સૃષ્ટિ પરના સર્જનને ખાલી જોવામાં જ આયખું ટૂંકું પડે,જાણવા અને સમજવા માટે તો પેઢીઓથી પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે માંડ અમુક ટકાજ સફળતા મળી છે. અરે બીજા સંજીવની ક્યા વાત કરવી આપણે આપણા ખુદની શરીર રચનાના આંતરિક અવયવોને પુરે પૂરા સમજી શક્યા નથી. આપણે જેટલું જોઈ શકીએ એના કરતા અનેક ગણું વિચારી શકીએ એવી બુદ્ધિ મનુષ્યના મગજમાં આપેલી છે.છતાં આપણા પોતાના ક્યા અંગમાં ક્યારે ખામી આવી જાય એની ધારણા કરી શકતા નથી. સૃષ્ટિના રહસ્યોને સમજવા મથતા માનવીની પામરતા એટલી છે કે સૃષ્ટિની રચનાની મથામણ અને હવામાનની આગાહી કરી શકનારને ક્યારે ખુદના દેહમાંથી પ્રાણ પંખેરું ઊડી જાય છે એની ખુદને જાણ હોતી નથી.માટે જેને આપણે મારું મારું કરીને મોહ માયાના આવરણ માં માનવતા ભૂલી જઈએ છીએ ત્યારે આ જગતમાં જે કંઈ છે એ બધું કુદરતી છે.આપણે માત્ર દૃષ્ટા છીએ કરતા હરતા તો કુદરત છે એમ સમજીને સતા અને સંપતિના આપણે રખેવાળ છીએ માલિક નથી એમ સ્વીકારીને જે આપણા નસીબનું હોય તેજ ટકે છે એટલુજ ભોગવી શકીએ બાકીનું જે જેના ભાગ્યનું હશે તે કોઈ પણ રીતે ત્યાં જતુ રહેશે. જે છે એને સ્વીકારીને કુદરતના ભરોસે મન વચન અને કર્મથી હમેશા દૃષ્ટા ભાવ સાથે કુદરતની લીલાને જાણીએ અને માણીયે.

# જુના દીવાના ગામના ખેડૂતે સાચે જ ખેતીમાં જ્યોત જલાવી







**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

પેટની ભૂખની આગ ઠારવા માટે અનાજ જોઈએ અને એ અનાજ, કઠોળ, શાકભાજી, ફળ,ફૂલો અને દૂધ ઉત્પાદન કરનારા ખેડૂતો અને ખેત મજૂરો એક મહિનાની હડતાલ ઉપર જાય તો શું થાય એ જરા વિચાર ધનવાન અને ખુરશીના જોડે તાનાશાહી ચલાવતા બાબુઓ કરજો. ભૂખ લાગે તો ક્યારેય પૈસા નહીં ખવાય માટે ખેતી, ખેડૂત, ગામડાઓ, ખેત મજુરની ચિંતા કરજો તો જ હિન્દુસ્તાન રૂડું લાગશે. હિન્દુસ્તાનનું યુવાધન અને મહેનત કરીને ધંધો વ્યવસાય કરી કમાતા લોકો દેશ છોડી રહ્યા છે. વિદેશની ધરતી ઉપર સુપર મોલમાં ઊભા રહીને જોબ કરવી છે, પરંતુ અહીંની સિસ્ટમથી તંગ આવીને લોકો ભારત છોડી રહ્યા છે જે ખરેખર ચિંતા અને ચિંતનનો વિષય છે. દેશ ચલાવનારા અધિકારીઓ હોય કે નેતાઓ હોય તેના સંતાનો જ વિદેશમાં અભ્યાસ કરે વિદેશમાં વ્યવસાય કરે તો દેશમાં કોણ વ્યવસાય કરશે? દેશહિત અને દેશ પ્રેમની વાતો માત્ર ભાષણ સાબિત થશે.

દક્ષિણ ગુજરાતના ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના જુના દીવાના ગામના ઠાકોરભાઈ પટેલ મધ્યમ વર્ગીય ખેડૂત. ખેતીમાં માંડ ગુજરાન ચાલે, પોતાના દીકરાને બીએસસી સુધીનો અભ્યાસ કરાવ્યો. ઠાકોરભાઈ પટેલનો દીકરો વિપુલ ગ્રેજ્યુએટ પૂરું કરીને ખાનગી કંપનીમાં પ્રોડક્શન ઓફિસર તરીકે સારા પગારથી જોડાઈ ગયો એટલે પરિવારને થયું હવે શાંતિ. આ રાત દિવસની મહેનત છતા ભૂંડ, રોઝ ઉભા પાકને નુકસાન કરે. સારો પાક તૈયાર હોય અને વાવાઝોડું આવે કે પૂરતા ભાવો ના મળે એટલે સપનાઓ રોળાય એવી સ્થિતિમાંથી દિકરો વિપુલ નોકરીએ લાગતા પરિવારમાં ખુશીનો પાર ન રહ્યો. વિપુલ પણ ખેડૂતનું સંતાન એટલે ખેતી સાથે પૂરતો લગાવ નોકરી દરમિયાન ખેતીને ડેવલપ કરવાનું ચાલુ કર્યું. પોતાના પિતા પાસે રહેલી ૧૧ એકર જમીનમાં નોકરી છોડીને ખેતીની શરૂઆત કરી. વિપુલ પોતે બીએસ.સી એગ્રી એટલે ખેતીમાં ખોટા ખર્ચાઓ ઘટે અને કૃષિ એ વૈજ્ઞાનિક ધોરણે થાય તે માટે પ્રયત્ન કરે. ૨૦૧૨માં સ્વદેશી ક્રાંતિના પ્રણેતા રાજીવ દીક્ષિતથી પ્રેરાઈને પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. ખેતીના વિવિધ પાકોમાં બેફામ ઉપયોગમાં લેવાતા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના કારણે ખેતીમાં ખર્ચ વધે છે, જમીન બગડે છે ઉપરાંત માનવજાત કેન્સર અને અન્ય બીમારીઓના ભરડાઓમાં ફસાય છે. ત્યારે જીવામૃત અને ધનામૃત ઉપરાંત પ્રાકૃતિક અર્કોથી તૈયાર કરેલ જંતુનાશકોનો ઉપયોગ કરી ૦% ખાતર અને દવા ખર્ચ સાથે ખેતીની શરૂઆત કરી. વિપુલભાઈ પટેલ ચોમાસા દરમિયાન કેળા અને શેરડીનું વાવેતર કરે છે. કેળાનું વાવેતર જૂન, જુલાઈ મહિનામાં કરે જેમાં દેશી વેરાયટી મહાલક્ષ્મી અને હાઈબ્રીડ વેરાયટી g૯ વાવેતર કરે છે. મહાલક્ષ્મી કેળાનો એક રોપ રૂ.૫ અને હાઈબ્રીડ g૯ ૧૭ થી ૧૮ રૂ. માં એક રોપો આવે છે. એક વીઘામાં ૭૨૦ જેટલા કેળાના રોપનું વાવેતર કરાય છે. કેળાનું પાક વાર્ષિક પાકે છે. જેમાં એક વીઘામાં ૮૦૦ થી હજાર મણનું ઉત્પાદન આવે છે. કાચા કેળા પકવવા માટે વિવિધ કેમિકલ્સો અને ગેસનો ઉપયોગ થાય છે ત્યારે વિપુલભાઈ તેના પ્રાકૃતિક કેળા પકવવા માટે એક રૂમમાં કાચા કેળાની ગોઠવણી કરીને ગાયના છાણનો ધુમાડો કરે અને રૂમ બંધ કરી દે છે. જે ત્રણ ચાર દિવસ બાદ ખોલતા કેળા પાકી જાય છે. જે પોતાના સ્ટોલ ઉપરથી જ વેચાણ કરે છે. ઉપરાંત હોલસેલ ભાવે કિલોના ૧૫ થી ૧૭ રૂપિયામાં વેચાણ કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી મગફળી પણ પ્રાકૃતિક રીતે વાવેતર કરે છે. જેમાંથી મગફળીનું તેલ કાઢીને રૂ.૪,૦૦૦ ના ડબ્બાનું વેચાણ કરે છે શેરડીનું વાવેતર સપ્ટેમ્બર ઓક્ટો અને નવેમ્બરમાં થાય છે. શેરડીના વાવેતરમાં દેશી છાણીયું ખાતર અને જીવામૃત આપે છે. એક વીઘામાં ૨૫ થી ૩૦ ટન શેરડીનું ઉત્પાદન મળે છે. આ શેરડીમાંથી વિપુલભાઈ ગોળ બનાવે છે. એક ટન શેરડીમાંથી ૧૧૫ થી ૧૨૫ kg ગોળ બને છે રૂ.૯૦ લેખે ગોળનું વેચાણ કરે છે. લોકો આજે મોજ શોખ કરવા ફરવા પાછળ ખૂબ ખર્ચાઓ કરે છે. પણ પોતાનું આરોગ્ય જળવાય અને સારું સ્વાસ્થ્ય રહે તે માટે સારું અને પ્રાકૃતિક ખાવા માટે તૈયાર નથી જે ગંભીર બાબત છે. વિપુલભાઈ પટેલ જેવા પ્રગતિશીલ અને પ્રાકૃતિક ખેતી કરતા ભણેલા ગણેલા વ્યક્તિઓને ખેતી સાથે જોડી રાખવા હશે અને એગ્રી ઈકોનોમિક્સ ગ્રોથ વધારવો હશે, સાથે ખેતી ખર્ચ ઘટાડવો હશે તો આવા પ્રગતિશીલ ખેડૂતોના વિચારો સૂચનો ધ્યાનમાં લેવા પડશે, બાકી આજે ખેતીમાં જેટલી મુશ્કેલીઓ છે, તેટલી અન્ય કોઈ ધંધા કે વ્યવસાયમાં નથી. પ્રગતિશીલ ખેડૂત વિપુલભાઈ પટેલનો સંપર્ક નંબર ૯૮૯૮૨૧૩૨૭૯ છે.

**-: તિખારો :-**

**વ્યક્તિના ઘા અને પરિસ્થિતિ માણસને ઉંમર કરતાં વહેલા સમજદાર બનાવી દે છે**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

**મગફળી : સફેદ માખી, મોલોમશી તથા તડતડીયા :**
ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. આ જીવાતનો ઉપદ્રવ ક્ષમ્યમાત્રા કરતા વધારે હોય ત્યારે જંતુનાશક દવાઓ જેવી કે ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા કાર્બોસલ્ફાન ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા પ્રોફેનોફોસ ૪૦ ટકા, સાયપરમેથ્રીન ૪ ટકા ૧૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. અથવા થાયોમિથોક્ઝામ ૭૦ ડબલ્યુ.એસ ૩ ગ્રામ અથવા થાયમીથોસક્ઝામ લમ્ડા સાયહેલોથ્રિન ૨૨ ઝેડ.સી. ૨.૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અને જરૂર જણાય તો ૧૦ થી ૧૨ દિવસ બાદ બીજો છંટકાવ કરવો.

મગફળીના છોડ લોહતત્વની ઉણપને લીધે પીળા પડી જતા હોય તો ૧૦ લિટર પાણીમાં ૧૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ (હીરાકસી) અને ૧૦ ગ્રામ લીંબુના ફૂલનું દ્રાવણ મગફળીના થડ અને ડોડવાના સડાનાં અસરકારક નિયંત્રણ માટે ૧૨૫ કિ.ગ્રા. દિવેલીના ખોળમાં ભેળવી વાવેતર સમયે ચાસમાં આપવું અને તેટલો જ જથ્થો વાવેતરના એક મહિના પછી થડની પાસે વેરીને આપવો.





**કપાસ :** થ્રીપ્સ, સફેદ માખી, તડતડીયાનાં નિયંત્રણ માટે મોજણી અને નિગાહ કરતા આ જીવાતોનુ પ્રમાણ વધારે જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા બ્યુવેરીયાબાસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. અથવા સફેદ માખી અને થ્રીપ્સનો ઉપદ્રવ વધારે જણાય તો એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ટ્રાઈઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લિ. અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૩ ગ્રામ અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો તીતીઘોડોનાં નિયંત્રણ માટે સાયપરમેથ્રીન ૧૦ ટકા શેઢા પાળા પર છંટકાવ કરવો અથવા ક્લોરપાઈરીફોસ ૪ લિટર રેતી સાથે મિશ્રણ કરી એક હેક્ટરમાં ઉભા પાકમાં પૂંખી દેવું.

**બાજરી:** બાજરામાં ૮૦-૪૦-૦ ના.ફો.પો. તથા ઝીંક સલ્ફેટ અને ફેરસ સલ્ફેટ ૨૦ કિલો/હે. આપવું. બિયારણનો દર ૫ કિ.ગ્રા. / હે પ્રમાણે રાખવો. પારવણી કરાવી અને ખાલા પુરવા.

**અડદ:** ચણા-મગ તથા અન્ય પાકમાં મૂળખાઈ - સુકારા માટે ટ્રાઈકોર્ડમાં વીરીડી અથવા ટ્રાઈકોર્ડમાં હરજીયાનમનો ઉપયોગ કરો.

**ભૂકીછારો :** કોઈપણ પાકમાં આ રોગમાં પાનની સપાટી પર સફેદ પાવડર છાંટયો હોય તેમ અનિયમિત આકારના ધબ્બા જોવા મળે છે. ભૂકીછારા રોગના ચિહનો જોવા મળે કે તુરત જ વેટેબલ સલ્ફર ૫૦ ટકા (૩૦ ગ્રામ/૧૦ લિટર પાણી) અથવા ડીનોકેપ ૪૮ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા ટાઈડેમોર્ફ ૮૦ ઈ.સી. (૫ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ટકા વેટેબલ પાવડર (૫ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઈ.સી. (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી)નો જરૂર મુજબ છંટકાવ કરવો.

## બાગાયત



**કેળ:**

**ભલામણ જાતો: ગ્રાન્ડ નાઈન, બરસાઈ, શ્રીમંતિ, લોખંડી, રોબસ્ટા વગેરે અને વાવેતર સમય : ૧૫ જૂન થી ૧૫ ઓગસ્ટ**

**અંતર: ૧.૮-૧.૮ મી. અથવા ૧-૧.૨-૨.૦મી.ના જોડિયા હારમાં કેળ સાથે હળદર તેમજ શાકભાજીના આંતરપાક તરીકે લઇ શકાય**

કેળની નેઈન જાત માટે ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૪ કિલો વર્મીકમ્પોસ્ટ, એક સરખા ચાર હપ્તે આપવું. ઉપરાંત ૯૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૦૦ ગ્રામ ફેર રોપણીના ત્રીજા મહિને આપવું. ફળ પાકો ઉમરમાં નાના હોય ત્યારે ખરીફ તેમજ રવી ઋતુમાં શાકભાજી જેવા આંતર પાકો લઈ વધારાની આવક મેળવવી.



**જામફળ :**
» જામફળનાં ઝાડ દીઠ ૩૭૫-૧૮૮-૧૮૮ ગ્રામ એન.પી.કે. દ્રાવ્ય ખાતર ચાર સરખા હપ્તામાં આપવું.

**આંબા:**
» આંબામાં નવીનીકરણ અપનાવો તેમાં જુના આંબાની ડાળીઓ દુર કરો.૩ વર્ષમાં કોમર્શિયલ ઉત્પાદન આપતો થશે.

**કેળ – પૈપૈયા :**
» કેળ-પૈપૈયાની એકાંતરે હાર રોપણી પદ્ધતિથી વાવેતર કરો.

**પપૈયા:**
» પપૈયામાં ૬ કિલો છાણીયું ખાતર, ૧૫૦ ગ્રામ નાઈટ્રોજન, ૨૦૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૫૦ ગ્રામ પોટાશ પ્રી છોડદિઠ રોપણી બાદ બીજા, ત્રીજા અને ચોથા મહિને એક સરખા હપ્તામાં આપવું.

## પશુપાલન

» મે માસમાં બાકી રહેલ જાનવરોમાં ગળસુંઢા તથા ગાંઠીયા તાવનું રસીકરણ કરાવી લેવું.
» ખરવા – મોવાસાની દર છ માસે આપવાની થતી રસી અપાવવી.
» જાનવરોને હવા ઉજાસવાળા ઠંડા શેડમાં રાખવા. જેથી ગરમીના સમયે આરામદાયક રોગ માટેની વધારાની રસી મુકાવવી.

### પશુપાલનમાં ચાફ કટરની અગત્યતા

» પશુઓના નિભાવ માટે આપણે ત્યાં ખેતીની આડ પેદાશો જેવી કે, બાજરી, જુવાર, ડાંગર, મકાઈના પૂળા તેમજ ઘઉંનું ભૂસુ, મગફળી તથા ચણા જેવા કઠોળ પાકોનું ગોતર વગેરેનો ઉપયોગ થાય છે.

» ઉનાળાની ઋતુમાં લીલા ચારાની ઘણી અછત હોય છે તે ઉપરાંત સુકા ચારાના ભાવ પણ આસામને પહોંચે છે.



» આવી પરિસ્થિતિમાં પશુઓ દ્વારા થતો ચારાનો બગાડ આપણને પરવડે તેમ નથી.

» ઉપરોક્ત સમસ્યાઓના ઉકેલ માટે આર્થિક રીતે પરવડે એવી અને વૈજ્ઞાનિક રીતે પરવડે એવી અને વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલી સરળ ભૌતિક પદ્ધતિ

» ચાફ કટર અપનાવવાથી પશુ ઉત્પાદન, નિભાવ તેમજ ઉછેર સરળ બની શકે છે અને ખર્ચમાં પણ ૨૫ – ૩૦ ટકા જેટલો ઘટાડો થાય છે.

# સીતાફળમાં મીલીબગ (ચીકટો)નું સંકલિત નિયંત્રણ



મયંક પીઠીયા, ભૂમિકા સોલંકી, જયશ્રી લાખણોત્રા, એચ. એન. પટેલ અને બી.વી.હુમર બાગાયત મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

સીતાફળ એ એક મીઠું ફળ છે. તેના વૃક્ષને સીતાફળી કહેવાય છે. આ ફળનું વૈજ્ઞાનિક નામ **Annona squamosa L.** (એનોના સ્કવોમાસા) છે. આ એક ઘણું જ વિપુલ ઉત્પાદન આપતું વૃક્ષ છે. તે બે કે ત્રણ વર્ષમાં ફળો આપવાનું શરૂ કરી દે છે. પાંચ વર્ષનું ઝાડ લગભગ ૫૦ થી ૬૦ ફળો આપે છે. આ ફળ મૂળ અમેરિકાના ઉષ્ણકટિબંધીય ક્ષેત્રનું મનાય છે. ભારતમાં તેનું વાવેતર આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ અને બિહાર રાજ્યમાં કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં સીતાફળનું વાવેતર મુખ્યત્વે ભાવનગર, અમદાવાદ, ખેડા, જૂનાગઢ અને પંચમહાલ જિલ્લામાં થાય છે. વળી, જૂનાગઢ, સાબરકાંઠા, પંચમહાલ, ભરૂચ અને વડોદરા જિલ્લામાં સીતાફળ કુદરતી રીતે જંગલોમાં થાય છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં સીતાફળનો પાક લેવાનું ખેડૂતો વધારે પસંદ કરે છે. કારણકે ઓછા પાણીમાં પણ સીતાફળ સારું ઉત્પાદન આપે છે.

» **આબોહવા:** સીતાફળને ગરમ, ભેજવાળું અને શિયાળાની શરૂઆતમાં થોડું ઠંડું હવામાન વધારે માફક આવે છે. શુષ્ક વિસ્તારમાં ઉનાળામાં છોડના પાન ખરી પડે છે અને વરસાદ પડે ત્યારે નવાં પર્ણો અને પુષ્પ બેસે છે. જેથી ફળો ઓક્ટોબર-નવેમ્બર માસમાં વૃદ્ધિ પામી પરિપક્વ થાય છે.

» **સીતાફળમાં આવતી જીવતો:** સૌરાષ્ટ્ર વિસ્તારમાં સીતાફળનો પાક લેવાનું ખેડૂતો વધારે પસંદ કરે છે કારણકે ઓછા પાણીમાં પણ સીતાફળ સારું ઉત્પાદન આપે છે. સીતાફળનો પાક ખડતલ હોવાના કારણે તેમાં જીવાતોનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. સીતાફળના પાકમાં મુખ્યત્વે કિટકોમા મીલીબગ, ફળમાખી, ફળ કોરી ખાનાર ઈયળ અને સ્પાયરલીંગ વ્હાઈટ ફ્લાયનો સમાવેશ થાય છે. આમ તો આ બધી જ જીવતો વત્તા ઓછા અંશે નુકસાન કરે જ છે. પરંતુ હમણાં થોડા વર્ષોથી એ ધ્યાન પર આવ્યું છે કે મુખ્યત્વે મીલીબગ દ્વારા ઘણું જ નુકસાન થાય છે. એક માહિતી મુજબ આ નુકસાન સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૮૫% સુધી છે. આમ તો હવે આ જીવાત સામાન્ય રીતે મોટા ભાગના પાકોમાં જોવા મળે છે પરંતુ, આ જીવાત સીતાફળ, જામફળ, આંબળા, કેળ, લીંબુ, દ્રાક્ષ, જાસુદ, કોટોન, ટામેટા અને મરી વગેરેમાં પણ નુકસાન કરે છે.

» **મીલીબગના ઉપદ્રવ માટે અનુકૂળ પરિસ્થિતિઓ:** આ જીવાતને સુકું વાતાવરણ વધારે માફક આવે છે, તેથી જયારે વરસાદ ખેંચાય તેવા સમયે ઉપદ્રવ વધી જતો હોય છે. આ જીવાતના ઉપદ્રવની શરૂઆત બગીચામાં ઊગી નીકળેલ નિંદામણના છોડ તથા સીતાફળીના રોપા અને અગાઉના વર્ષે ખરી પડેલ નુકસાનવાળા ફળ પરથી થાય છે. ત્યારબાદ તે સીતાફળના ઝાડ ઉપર ચડીને નુકસાન શરૂ કરે છે.

**સીતાફળીમાં મીલીબગ (ચીકટો) જીવાતના બચ્ચા અને પુષ્પ તથા ફળ ઉપર ઉપદ્રવ**




### સંકલિત નિયંત્રણ વ્યવસ્થાપન: આ જીવાતના અસરકારક નિયંત્રણ માટે નીચે મુજબના ઉપાયો કરવા જોઈએ

(૧) બગીચામાં ચોખ્ખાઈ જાળવવી એટલે કે ખરી ગયેલ પાન તથા ફળો વીણી તેનો નાશ કરવો તેમજ સુકાઈ ગયેલ ડાળીઓ કાપીને બાળી નાખવી.

(૨) શેઢા-પાળા પર ઉગતા નિંદામણ તેમજ અન્ય છોડ ખાસ કરીને ગાડર, કાંસકી, જંગલી ભીડી, કોંગ્રેસ ઘાસ વિગેરે ઉપર ચીક્ટો જીવન પસાર કરે છે. તેથી આ પ્રકારના છોડનો સદંતર નાશ કરવો.

(૩) ચીક્ટો ઉપદ્રવિત વિસ્તારમાં વાવણી પહેલા જમીનમાં કલોરપાયરીફોસ ૨ % ભુકી નાખી ખેડ કરવી અથવા હેક્ટરે ૨ લિટર કલોરોપાયરીફોસ ૨૦ ઇસી પિયત વખતે ટીપે ટીપે આપવુ.

(૪) ઝાડની ફરતે તથા લાકડાના ટેકા ઉપર જમીનથી અડધા ફુટની ઉંચાઈએ પોલીથીલીન સીટનો અર્ધાથી પોણો ફૂટ પહોળો પટ્ટો લગાવી તેના પર ગ્રીસ લગાડવું અને છાણ માટીના મિશ્રણથી પટ્ટાની નીચેની કિનારી બંધ કરવી, જેથી આ જીવાતના બચ્ચાંઓ ઝાડ પર ચડતાં અટકાવી શકાય.

(૫) ચોમાસામાં વરસાદ બાદ ઊગી નીકળેલ ઘાસ તથા સીતાફળીના રોપાઓમાં શરૂઆતમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે છે. તેથી ઊગી નીકળેલ ઘાસ તથા રોપાઓને ઉપાડીને નાશ કરવો.

(૬) જીવાતનો ઉપદ્રવ ઝાડ પર શરૂ થઈ ગયેલ હોય તો ટ્રાયઝોફોસ ૧૫ મિ.લિ. દવા અથવા કલોરપાયરીફોસ ૨૫ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છોડના બધા ભાગો બરાબર ભીંજાય તે રીતે વ્યવસ્થિત છંટકાવ કરવો અથવા કવીનાલફોસ ૨૫% ઈ.સી. (૨૦ મિ.લિ./૧૦ લિટર પાણી) નો છંટકાવ કરવો. ત્યારબાદ ૧૫ દિવસે ટ્રાઈઝોફોસ ૪૦% ઈ.સી. ૧૦ મિ.લિ. દવા ૧૦ લિ. પાણી અથવા ફેનોબ્યુકાર્બ ૫૦ ઈસી ૨૦ મિ.લિ., ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવાથી સારૂં નિયંત્રણ મળે છે. આ દવાઓ સાથે વર્ટીસીલીયમ લેકાની જૈવિક ફુગનો ૪૦ ગ્રામ પાવડર ૧૦ લિ. પાણીમાં અથવા બ્યુવેરિયા બાસીયાના ૧.૧૫ (ન્યુનતમ ૧ ટ ૧૦૮ સીએફ્યુ/ગ્રામ) ૦.૦૦૭% (૬૦ ગ્રામ/૧૦ લિટર પાણીમાં ઉમેરી વાપરવાથી વધુ અસરકારક પરિણામો જોવા મળેલ છે. દવાનો છંટકાવ ઉપદ્રવ શરૂ થયે તુરંત જ કરવો જોઈએ. જીવાત મોટી થયા પછી તેના શરીર પર મીણયુક્ત આવરણ હોવાથી દવાની અસરકારકતા ઓછી રહે છે. તેથી બધી જ દવાઓ સાથે કપડા ધોવાના પાવડરનો ઉપયોગ કરવો ફાયદાકારક રહે છે.

(૭) આ જીવાતનો ઉપદ્રવ ટપક પધ્ધતિથી (ડ્રીપ ઈરીગેશન) આપેલ પિયતવાળા બગીચા કરતાં ખામણામાં આપેલ રેડ (રેલાવીને) પિયતવાળા બગીચામાં ઓછો જોવા મળે છે. તો તે પ્રમાણે કાળજી લેવી.

(૮) આ જીવાતના ઉપદ્રવની શરૂઆત હોય ત્યારે એકાદ ભારે રેડ પિયત આપવું જેથી જમીનમાં ઈંડામાંથી નીકળતા જીવાતના બચ્ચાંઓનો નાશ થાય.

(૯) મીલીબગના કુદરતી નિયંત્રકો જેવા કે પરભક્ષી દાળિયા, ક્રાઈસોપા તેમજ પરજીવીઓ મીલીબગને કાબુમાં રાખે છે.

(૧૦) લીમડા આધારીત કીટનાશક ૩૦ મિ.લિ. (૧ ઇસી) થી ૬૦ મિ.લિ. (૦.૧૫ ઇસી) અથવા વર્ટીસીલીયમ લેકાની નામની રોગપ્રેરક ફૂગ ૬૦ ગ્રામ ૧૫ લિટર પાણીમાં ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

(૧૧) ફળની છેલ્લી વીણી બાદ ઝાડ ઉપરના ઉપદ્રવિત તથા સુકા ફળો વીણી તેનો નાશ કરવો.

# પ્રાકૃતિક કૃષિ



**અમરેલી જિલ્લાએ પ્રાકૃતિક ખેતીમાં કાઠું કાઢ્યું:** જિલ્લાના ૩૧,૯૮૧ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવી. જિલ્લામાં ૩૪,૮૯૫ એકરમાં થઈ રહી છે પ્રાકૃતિક કૃષિ: મગફળી, સોયાબીન, તલ વગેરે પાકો ઉપરાંત શાકભાજી અને બાગાયતી પાકોની થતી ખેતી. પ્રાકૃતિક ખેતી સમયની માંગ: રોગોથી બચવા માટે પ્રાકૃતિક પેદાશો બનશે વિકલ્પ. ખેડૂતો ઘર બેઠાં પ્રાકૃતિક કૃષિ પેદાશોનું કરી રહ્યા છે વેચાણ : કુરિયર સેવા દ્વારા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે પ્રાકૃતિક ખેત પેદાશો.

અમરેલી જિલ્લાના ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિમાં કાઠું કાઢ્યું છે, જિલ્લામાં ૩૧,૯૮૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. ખેડૂતો કુરિયર સેવા દ્વારા પણ પ્રાકૃતિક ખેત પેદાશોને ગ્રાહકો સુધી પહોંચાડી રહ્યા છે. આ સંદર્ભે અમરેલી જિલ્લાના આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી.એમ. નિનામા જણાવે છે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની મુહિમ ખૂબ તેજીથી આગળ વધી રહી છે, જિલ્લામાં અંદાજે ૩૪,૮૯૫ એકરમાં પ્રાકૃતિક કૃષિ થઈ રહી છે.

મગફળી, સોયાબીન, તલ, મગ, અડદ વગેરે પાકો ઉપરાંત શાકભાજી અને બાગાયતી પાકોની ખેતી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, ખેડૂતોને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના વેચાણ માટે એક પ્લેટફોર્મ મળી રહે તે માટે જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી ઉપરાંત સેન્ટર પોઈન્ટ સર્કલ ખાતેથી જુદી જુદી પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. લોકો સુધી પ્રાકૃતિક ખેતી અને પેદાશોના ફાયદાઓ લોકો સુધી પહોંચે તે માટે પ્રજાલક્ષી સરકારી કાર્યક્રમોમાં પણ પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ સહ પ્રદર્શન પણ ગોઠવવામાં આવે છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને ગુજરાત રાજ્ય સરકારની નેમ મુજબ પ્રાકૃતિક ખેતી આવશ્યક અને સમયની માંગ છે. સાથે જ જમીનની તંદુરસ્તી-ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને રોગોથી બચવા માટે પણ પ્રાકૃતિક પેદાશો મજબૂત વિકલ્પ બનીને ઉભરશે. તેમ જણાવતા નિનામાએ ઉમેર્યુ કે, પ્રાકૃતિક કૃષિને વેગ મળે તે માટે જિલ્લા કલેકટર અજય દહિયા દ્વારા સમયાંતરે તે અંગેની સમીક્ષા કરવાની સાથે જરુરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા દ્વારા પણ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે તે માટે જરૂરી સહયોગ મળી રહ્યો છે.

આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટર દિલીપ ચાવડા અને અમરેલી જિલ્લાની આત્મા પ્રોજેક્ટની ટીમ પ્રાકૃતિક કૃષિની મુહિમને આગળ વધારવા માટે સતત કાર્યરત છે. -રોહિત



એકલા શિકાગોમાં ગોળીબારમાં ૧૧ જણાના મોત અને પંચાવન જણાને ઈજા થઈ

# અમેરિકામાં જુલાઈના વીકએન્ડમાં હિંસાનું તાંડવ, ૩૩ લોકોનાં મોત

વોશિંગ્ટન,તા.૭



અમેરિકામાં જુલાઈના વીકએન્ડમાં ગોળીબારી અને હિંસામાં ઉછાળો આવ્યો છે જેમાં શિકાગોમાં ૧૧ સહિત ઓછામાં ઓછા ૩૩ના મોત થયા છે તેમજ સમગ્ર રાષ્ટ્રમાં સેંકડોને ઈજા થઈ છે. આ વર્ષે ચોથી જુલાઈ ઐતિહાસિક રીતે વર્ષનો સૌથી જીવલેણ દિવસ સાબિત થયો હતો. ગયા વર્ષે પણ ચોથી જુલાઈએ ગોળીબારીના અનેક કિસ્સા બન્યા હતા જેમાં ડઝનથી વધુ લોકોના મોત થયા હતા અને ૬૦થી વધુને ઈજા થઈ હતી. તેના એક વર્ષ અગાઉ શિકાગો નજીક ચોથી જુલાઈની પરેડમાં થયેલા ગોળીબારમાં સાત લોકોના મોત થયા હતા. સગુરુવારે થયેલા સામૂહિક ગોળીબાર સહિત હિંસામાં બે મહિલા અને એક ૮ વર્ષના બાળકનું મોત થયું હતું. શિકાગોના મેયરે જણાવ્યું કે તાજેતરની હિંસાને કારણે શહેરમાં શોકનું વાતાવરણ સર્જાયું છે.

કેલિફોર્નિયાના હન્ટીંગટન બીચમાં ઈન્ડીપેન્ડન્સ ડેના રોજ ફટાકડાનો કાર્યક્રમ પૂરો થયાના બે કલાકથી ઓછા સમયમાં થયેલા ગોળીબારમાં બે જણના મોત થયા હતા અને ત્રણ અન્યોને ઈજા થઈ હતી.

# ભારે વરસાદથી ચારધામ યાત્રા રોકી દેવાઈ, કોઈપણ પ્રકારની મુસાફરી ટાળવા માટે એડવાઈઝરી

(એ.આર.એલ),દહેરાદુન,તા.૭



**મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ વરસાદને ધ્યાનમાં રાખીને હાઈ એલર્ટ પર રહેવા સૂચના આપી**

રાજ્યમાં બગડતા હવામાનના કારણે જોખમને જોતા ચારધામ યાત્રાને એક દિવસ માટે રોકી દેવામાં આવી છે. ભારે વરસાદના રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગે લોકોને રવિવારે કોઈપણ પ્રકારની મુસાફરી ટાળવા માટે એડવાઈઝરી જારી કરી છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ પણ ચારધામ યાત્રાને એક દિવસ માટે મુલતવી રાખવાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે આ નિર્ણય યાત્રાળુઓની જાન-માલની સુરક્ષાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. મુસાફરોએ જ્યાં હોય ત્યાં જ રહેવું જોઈએ. હકીકતમાં,કુમાઉ ડિવિઝનના તમામ છ જિલ્લાઓ તેમજ ગઢવાલ ડિવિઝનના રૂદ્રપ્રયાગ, ચમોલી અને પૌરીમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેના કારણે ભૂસ્ખલનનું જોખમ વધી ગયું છે ત્યારે નદીઓના જળસ્તરમાં પણ વધારો થઈ શકે છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના સચિવ વિનોદ કુમાર સુમને કહ્યું કે રવિવાર વરસાદની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે. રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને તમામ જિલ્લાઓમાં લોકોને કોઈપણ પ્રકારની મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે. ગઢવાલ કમિશનરે ચારધામ યાત્રાને એક દિવસ માટે રોકવાનો નિર્દેશ પણ આપ્યો છે.

# સંસદસભ્ય બનતાં જ રવીન્દ્ર વાયકર સામેના ભ્રષ્ટાચારના કેસ બંધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૭



ઉદ્ધવ ઠાકરેના એક સમયના વિશ્વાસુ અને લોકસભાની ચૂંટણી પહેલાં પાલો બદલીને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સાથે જઈને સંસદસભ્ય બનેલા રવીન્દ્ર વાયકર સામે જોગેશ્વરીમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના રમતગમત માટેના રિઝર્વ પ્લૉટમાં ફાઈવસ્ટાર હોટેલ બનાવવાનો આરોપ કરવામાં આવ્યો હતો. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ ફરિયાદ નોંધીને તપાસ પણ શરૂ કરી હતી. આ તપાસ બંધ કરવાનો રિપોર્ટ ફાઈલ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટમાં પોલીસે કહ્યું છે કે આઝાદ મેદાન પોલીસ-સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જે આરોપ કરવામાં આવ્યા છે એમાં અધૂરી માહિતી છે. ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ કહ્યું હતું કે આર્થિક ગુના શાખાએ કોર્ટમાં રવીન્દ્ર વાયકર, તેમનાં પત્ની મનીષા અને અન્ય ચાર આરોપીઓ સામેના કેસનો ક્લોઝર રિપોર્ટ ફાઈલ કર્યો છે.

# નેધરલેન્ડના પીએમએ કાર્યકાળ પુરો થતાં સત્તા સોંપી, સાયકલ લઈને ઘરે નીકળી ગયાં

(એ.આર.એલ),લંડન,તા.૭



**૧૪ વર્ષ સુધી દેશનું નેતૃત્વ કર્યા બાદ રુટે પૂર્વ ગુપ્તચર પ્રમુખ ડિક શૂફને નેતૃત્વ સોંપી દીધું**

ભારત જેવા દેશમાં કોઈ શહેરના પોલીસ કમિશનરનો વિદાય સમારંભ પણ વાજતે-ગાજતે થતો હોય છે, પણ યૂરોપના એક મોટા દેશમાં શનિવારે જે જોવા મળ્યું તે ભાગ્યે જ કદાચ ભારતમાં જોવા મળે. હકીકતમાં જોઈએ તો, થયું છે કંઈક એવું કે નેધરલેન્ડના પીએમ રહેલા માર્ક રુટે પોતાનો કાર્યકાળ પુરો થયા બાદ નવા પીએમને સત્તાની ચાવી સોંપ્યા બાદ તરત પોતાની સાયકલ લઈને નીકળી ગયા હતા. તેમણે ચાવીને આપીને તરત સાયકલ ઉઠાવી અને પોતાના ઘર તરફ નીકળી ગયા હતા. ચારેતરફ હાજર મીડિયાકર્મી તેમના ફોટો અને વીડિયો શૂટ કરતા રહ્યા હતા. પૂર્વ આઈપીએસ અધિકારી અને પુડુચેરીના ગવર્નર રહી ચુકેલી કિરન બેદીએ પોતાના સત્તાવાર એક્સ હેંડલથી ડચના પૂર્વ પ્રધાનમંત્રીની સાયકલ ચલાવીને પીએમ હાઉસમાંથી વિદાય લેતો વીડિયો શેર કર્યો છે. તેમણે કેપ્શનમાં લખ્યું છે કે, ૧૪ વર્ષ સુધી સત્તામાં રહ્યા બાદ પૂર્વ ડચ પ્રધાનમંત્રી માર્ક રુટે પોતાના ઉત્તરાધિકારી ડિક સ્કોફને સત્તાવાર રીતે સત્તા સોંપવાની રસમ પુરી કર્યા બાદ પ્રધાનમંત્રી કાર્યકાળ છોડ્યો. સોશિયલ મીડિયા પર હાલમાં આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

# એક્સપ્રેસ વે નજીક તળાવમાં ન્હાવા કૂદેલી ૪ છોકરીનાં મોત નિપજયાં

(એ.આર.એલ),ખંદોલી,તા.૭



ખંદોલીમાં યમુના એક્સપ્રેસ-વે ઈન્ટરચેન્જ પર બનેલા તળાવમાં રવિવાર સવારે આઠ વાગ્યે પાણીમાં રમતાં પાંચ બાળકો ડૂબ્યા હતા. તમામની ઉંમર આઠથી ૧૨ વર્ષ છે. જેમાંથી ચાર બાળકીઓના મોત નીપજ્યા છે. મૃતકોમાં હિના, મુન્ની, ચાંદની, મુનિયા નામની ચાર બાળકીઓ સામેલ છે. જેમાંથી ત્રણના ઘટના સ્થળે જ મોત થયા હતા. એકનું હોસ્પિટલ પહોંચ્યા બાદ મોત થયુ હતું.યમુના એક્સપ્રેસ-વે ઈન્ટરચેન્જ પર વરસાદ દરમિયાન પાણીનું વહેણ વધ્યું હતું. જેને અટકાવવા એક તળાવ બનાવવામાં આવ્યુ હતું. રવિવાર સવારે આઠ વાગ્યે રસ્તા પર ઝૂંપડીઓમાં રહેતાં ૧૦ વર્ષના બાળકો આ તળાવ પાસે રમતાં હતા. રમતાં રમતાં તેઓ પાણીમાં નાહવા કૂદ્યા હતા. જ્યાં તેઓ ડૂબવા લાગ્યા હતાં. પ્રત્યક્ષદર્શી મહિલાએ તળાવમાં ઉતરી બાળકોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

સેના અને પોલીસે આતંકીઓને પકડવા માટે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું

# કુલગામમાં સુરક્ષાદળોએ ૫ આતંકીઓનો ખાત્મો બોલાવ્યો, ઓપરેશન યથાવત

(એ.આર.એલ),શ્રીનગર,તા.૭



જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં ભારતીય સેનાના કેમ્પ પર આતંકી હુમલાની વધુ એક ઘટના સામે આવી છે. માંજકોટ વિસ્તારના ગ્લુટી ગામમાં આર્મી પોસ્ટ પર તૈનાત એક જવાન પર આતંકીઓએ ગોળીબાર કર્યો હતો. આ ફાયરિંગમાં એક જવાન ઈજાગ્રસ્ત બન્યા છે. અહી નોંધનિય છે કે, આ અંગે સેના તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આ પહેલા જમ્મુ-કાશ્મીરના કુલગામમાં સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં સેનાના બે જવાન શહીદ થયા હતા. જ્યારે સેનાએ ૫ આતંકીઓને ઠાર કર્યા હતા. જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં ભારતીય સેનાના કેમ્પ પર આતંકી હુમલાની ઘટનાને લઈ સુરક્ષાદળો પણ જવાબ આપી રહ્યા છે. આ ફાયરિંગ દરમિયાન એલર્ટ સિક્યોરિટી પોસ્ટ પર તૈનાત જવાને પણ આતંકીઓ પર ગોળીબાર કર્યો હતો. માહિતી પ્રમાણે આ ઘટના સવારે ૩.૫૦ કલાકે બની હતી. અંધારાનો ફાયદો ઉઠાવીને આતંકીઓ ભાગવામાં સફળ રહ્યા હતા.

# બીજી T-૨૦ મેચમાં ભારતનો ઝીમ્બાબ્વે સામે ૧૦૦ રનથી વિજય

હરારે, તા.૭




ભારતે બીજી T-૨૦માં ઝિમ્બાબ્વેને ૧૦૦ રનથી હરાવ્યું છે. હરારે સ્પોર્ટ્સ ક્લબમાં રવિવારે ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. અભિષેક શર્માની સદી અને ઋતુરાજ ગાયકવાડના ૭૭ રનની મદદથી ભારતે ૨૩૪ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ઝિમ્બાબ્વે સામે કોઈપણ ટીમનો આ સર્વોચ્ચ સ્કોર હતો. આ પહેલા ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયાએ ૨૨૯ રન બનાવ્યા હતા. જવાબમાં ઝિમ્બાબ્વે ૧૩૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઝિમ્બાબ્વે સામે ભારતની રનથી આ સૌથી મોટી જીત છે. ભારતીય બોલરોમાં આવેશ ખાન અને મુકેશ કુમારે ૩-૩ વિકેટ લીધી હતી. રવિ બિશ્નોઈને ૨ વિકેટ મળી હતી. અભિષેક શર્માએ ૪૭ બોલમાં સદી ફટકારી હતી, ઝિમ્બાબ્વે સામે ભારતીય બેટ્સમેનની આ પ્રથમ સદી છે. તેણે ૭ ચોગ્ગા અને ૮ છગ્ગા ફટકાર્યા હતા. અભિષેકે બીજી વિકેટ માટે રૂતુરાજ ગાયકવાડ સાથે ૧૩૨ રનની ભાગીદારી કરી હતી. રિંકુ સિંહે માત્ર ૨૨ બોલમાં ૪૮ રનની ઈનિંગ રમી હતી. ઝિમ્બાબ્વે તરફથી ઓપનર વેસ્લી માધવેરે ૪૩ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાએ ૫ મેચની શ્રેણી ૧-૧થી બરાબર કરી લીધી છે. ત્રીજી T-૨૦ ૧૦ જુલાઈએ હરારેમાં રમાશે.

પર્યાવરણ બચાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ

# ગોંડલમાં અક્ષય ભારતી મિત્ર મંડળ દ્વારા ૧૧,૧૧૧ વૃક્ષોનું વિનામૂલ્યે વિતરણ

ગોંડલ, તા.૭




ગોંડલના અક્ષય ભારતી મિત્ર મંડળ દ્વારા પર્યાવરણ બચાવના શુભ હેતુથી આજે ૧૧,૧૧૧ ફળાઉ અને દેશી કુળના ૪૦ પ્રકારના વિવિધ વૃક્ષોના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ એમ.બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગોંડલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં મંડળના કાર્યકર્તાઓ, સંઘના કાર્યકર્તાઓ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ ખૂબ જ મહેનત કરી હતી. વૃક્ષોનું વિતરણ કરતી વખતે, લોકોને વૃક્ષોનું જતન કેવી રીતે કરવું તે અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. તેમને વૃક્ષોને નિયમિત રીતે પાણી આપવા, તેમની આસપાસની જમીનને ખૂબ ખોદવાનું ટાળવા અને ખાતરનો ઉપયોગ ઓછો કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું. અક્ષય ભારતી મિત્ર મંડળ દ્વારા આગામી વર્ષોમાં વધુ ૧,૦૦,૦૦૦ વૃક્ષોનું વિનામૂલ્યે વિતરણ કરવાની યોજના છે. આ એક પ્રેરણાદાયક પહેલ છે જે ગોંડલ અને આસપાસના વિસ્તારોને વધુ લીલાછમ બનાવવામાં અને પર્યાવરણને બચાવવામાં મદદ કરશે.

**૪૦ પ્રકારના વિવિધ વૃક્ષોના રોપાનું વિતરણ**

વિતરણ કરાયેલા કેટલાક વૃક્ષોમાં વડ, ગરમાળો, ચરલ, દાડમ, ટેકોમા, વાંસ, ગુલમહોર, રેન્ટ્રી, જામફળ, સેતુર, સવન, સરગવો, અરડૂસી, જાસુદ, ડોલર, ફાલસા, ઉમરો, અર્જૂન, આંબલી, રાવળા, કાસીદ, રક્ત ચંદન, ચીની ગુલાબ, આસોપાલવ, બંગાળી બાવળ, અરડૂસી, પેંતોફાર્મ, લીમડો, પારિજાત, પીપળો, બીલી, કેશુડો, તુલસી, પર્ણકૂટી, સીતાફળ, બદામ અને કરંજનો સમાવેશ થાય છે.

# ઉના શહેરના વોર્ડ નં. ૨ કોર્ટ વિસ્તારમાં ધારાસભ્યની રજૂઆતથી પાણીનો પ્રશ્ન ઉકેલાયો

ઉના, તા.૭



ઉના શહેરના વોર્ડ નંબર ૨ કોર્ટ વિસ્તારમાં પાણીના ધાંધીયા હતા. આ વિસ્તારમાં નિયમિત પાણી અપાય તે માટે કોર્ટ વિસ્તારના નગરપાલિકા સદસ્યો તેમજ આગેવાનોએ દાદાબાપુ, રફિકભાઈ કાસમાણી, અસરફભાઈ વોરા, ફરૂકભાઈ અરબ, સલીમભાઈ બાપુ, હુસેનશા બાપુ, મહેબુબભાઈ ખલીફા, વલીભાઈ મન્સૂરી, રફીકભાઈ મેમણ, ફારુકભાઈ વોરા, સતારભાઈ સાબરીક, સહિત આગેવાનો દ્વારા નગરપાલિકા ચીફ ઓફિસર, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયાને રૂબરૂ રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાને લઈ ઉના નગરપાલિકા દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી કોર્ટ વિસ્તારમાં દરરોજ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ધોરાજી નગરપાલિકાની બેદરકારી

# ધોરાજીમાં ગંદુ પાણી વિતરણ અને ગટરની સમસ્યાથી લોકો ત્રાહિમામ, કોલેરાનો ભય

ધોરાજી, તા.૭



ધોરાજીના લોકો છેલ્લા ઘણા સમયથી પાણી અને ગટર સમસ્યાથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. શહેરના ઘણા વિસ્તારોમાં ડહોળા પાણીનું વિતરણ થઈ રહ્યું છે અને ભૂગર્ભ ગટરની ગંદકી રસ્તાઓ પર વહેતી થઈ ગઈ છે. આ સમસ્યાના કારણે લોકોમાં ગંભીર રોગચાળાનો ભય ફેલાયો છે. તાજેતરમાં, ધોરાજીના ઉપલેટા રોડ પર આવેલી મદીના નગર સોસાયટીમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણી રસ્તાઓ પર વહેતા દેખાયા હતા. આ ગંદા પાણી સોસાયટીમાં ભરાઈ ગયા હતા, જેના કારણે દુર્ગંધ અને જંતુઓનો ઉપદ્રવ વધી ગયો હતો. આ સ્થિતિને કારણે લોકોમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ટાઈફોઈડ જેવા રોગોનો ભય ફેલાયો છે. આ ગંભીર પરિસ્થિતિમાં પણ, ધોરાજી નગરપાલિકા દ્વારા પીવાનું પાણી યોગ્ય રીતે શુદ્ધ કર્યા વિના ડહોળા સ્વરૂપમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. લોકોને ગંદા અને દુર્ગંધ મારતા પાણી પીવા મજબૂર કરવામાં આવી રહ્યા છે.આ સમસ્યાઓના ઉકેલ માટે, ઉપલેટા રોડના મુસ્લિમ અગ્રણી અલ્તાફભાઈએ નગરપાલિકા સામે રોષ વ્યક્ત કર્યો છે. તેમણે ઝડપથી પાણી અને ગટર સમસ્યાનો ઉકેલ લાવવાની અને લોકોને શુદ્ધ પાણી પૂરું પાડવાની માંગ કરી છે.

# ગીરગઢડાના બેડીયા ગામે ગ્રામ પંચાયતની મંજુરી વગર મોબાઈલ ટાવરનુ કામ ચાલુ કરાતા અટકાવાયું

ઉના, તા.૭



ગીરગઢડા તાલુકાના બેડીયા ગામે સરકાર દ્વારા રહેણાંક મકાન માટે ફાળવવામાં આવેલ પ્લોટ વિસ્તારમાં મોબાઈલ ટાવર ઊભો કરવાનું કામ ચાલુ કરી ખોદકામ શરૂ કરવામાં આવતા આ વિસ્તારમાં આજુબાજુના રહેણાક મકાનના રહિશો દ્વારા ગ્રામ પંચાયતના સરપંચને જાણ કરતા ગ્રામ પંચાયત દ્વારા ગંભીરતાથી લઈ તાલુકા વિકાસ અધિકારીને લેખીત રજૂઆત કરી કામ અટકાવ્યું હતુ. સરપંચ પાસેથી જાણવા મળતી વિગતો મુજબ બેડીયા ગામે રાહતના પ્લોટમા રહેણાંક હેતુથી પ્લોટ ફાળવવામાં આવેલ છે. તેમાં ગામના છગનભાઈ જાદવભાઈ બલદાણીયા દ્વારા જે પ્લોટ રહેણાંક મકાન માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલ તે પ્લોટમાં ટાવર ઉભો કરવા માટે કામ ચાલુ કરતા ગ્રામ પંચાયત દ્વારા ટાવરનુ કામ બંધ કરવા બે નોટિસ આપી તેમ છતાં કામ બંધ ન કરતા ગ્રામ પંચાયત ગીરગઢડા તાલુકા વિકાસ અધિકારીને લેખીત રજૂઆત કરી હતી. જે બાદ તંત્રએ લાલ આંખ કરીને કામ અટકાવ્યું હતું.

# ૧૪૭મી રથયાત્રાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિથી પ્રારંભ કરાવ્યો

(એ.આર.એલ),અમદાવાદ,તા.૭



અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે સવારે ૪ વાગ્યે ભગવાનની મંગળા આરતી બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. રથયાત્રા પહેલા ભૂપેન્દ્ર પટેલે સોનાના સાવરણીથી પહિંદ વિધિ કરી છે. પહિંદ વિધિ બાદ રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ સોનાની સાવરણીથી રથની સફાઈ સેવાની પરંપરા નિભાવી ભગવાન જગન્નાથજીનો રથ ખેંચ્યો હતો ઉપરાંત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છી નવાવર્ષની સૌ કચ્છી માડુંઓને શુભેચ્છાઓ પાઠવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન કર્યું હતું. મુખ્યમંત્રીને સતત ત્રીજી વખત ભગવાન જગન્નાથની રથયાત્રાની પહિન્દ વિધિ કરી છે. મુખ્યમંત્રી અષાઢી બીજના આજના અવસરે વહેલી સવારે અમદાવાદમાં જગન્નાથ મંદિર પહોંચ્યા હતા અને ભગવાન જગન્નાથજીના પૂજન અર્ચન કરીને ભગવાનના મુખ્ય રથને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવવા મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા.

## સિંહબાળને કૂતરામાં ખપાવી દેવાયાની આશંકા

# જાફરાબાદની ખાનગી કંપનીમાં સિંહબાળનું મોત ???

**ઉચ્ચસ્તરેથી તપાસ કરાય તો સત્ય બહાર આવે**

અમરેલી,તા.૦૭

હજુ ગઈકાલે જ ધારીમાં કૂવામાં પડી જતા એક સિંહણનું મૃત્યુ થયું હતું એની ઘટનાના બીજા જ દિવસે જાફરાબાદની એક મલ્ટીનેશનલ કંપનીમાં સિંહ બાળનું ચેનમાં આવી જતા મોત તથાના સમાચાર મળી રહ્યા છે. મળતી વિગત પ્રમાણે આ મહાકાય કંપનીના વર્કિંગ સ્ટેશનમાં ચેનની અંદર એક સિંહબાળ આવી ગયું હતું અને તેનુ કમોત થયું હતું. આ ઘટનાની જાણ થતા જ કંપની દ્વારા સિંહબાળને જમીનમાં દાટી દેવાયું હતું અને તેના ફોટા કંપનીના કર્મચારીએ ઉચ્ચ અધિકારીઓને પણ મોકલ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ જંગલ ખાતાના ઉચ્ચ અધિકારીને થતા તેઓ પણ ઘટના સ્થળે પહોચ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. અંગે ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે તો સત્ય બહાર આવે અને કંપનીના સીસીટીવી ફૂટેજ અને કર્મચારીઓના મોબાઈલ પણ તપાસ કરવામાં આવે તો ઘણું સત્ય બહાર આવી શકે તેમ છે.

**ખાનગી કંપનીના કર્મચારીના મોબાઈલમાં ફોટા??**

આ પ્રકરણમાં જવાબદારોને બચાવવાના પ્રયાસ કરવામાં આવતા સિંહપ્રેમીઓમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે.

> ઘટના અંગેની જાણ થતા જ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને જે જગ્યા પર સિંહબાળ દાટવાની વાત હતી તે જગ્યા પર ખોદકામ કરી અને મૃતદેહ બાર કઢાતા આ કુતરુ હોવાનું ડોક્ટરે જણાવ્યું હતું સમગ્ર ઘટનાની તપાસ થઈ છે અને અહીંયા કોઈ સિંહ બાળ મર્યુ નથી.
>
> **જી.એલ વાઘેલા આરએફઓ- જાફરાબાદ રેન્જ**

# ભગવાન જગન્નાથની મંગળા આરતી કરતા અમિત શાહ

અમદાવાદ, તા.૭



અમિત શાહ દર વર્ષે અષાઢી બીજના દિવસે અમદાવાદની જગન્નાથ રથયાત્રા શરુ થતા પહેલા મંદિરમાં મંગળા આરતીમાં જોડાતા હોય છે. આ વર્ષે પણ અમિત શાહે વહેલી સવારે જ ભગવાન જગન્નાથની મંગળા આરતી ઉતારી હતી તેમની સાથે તેમનો પરિવાર પણ જોડાયો હતો. પુરીની જગન્નાથ રથયાત્રા પછી ભારતમાં જો કોઈ રથયાત્રાનું નામ આવે તો તે અમદાવાદની રથયાત્રા છે. અમદાવાદની રથયાત્રાનું વિશેષ મહત્વ રહેલુ હોય છે, ત્યારે આ વર્ષે ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા નીકળવાની છે. જે પહેલા અમદાવાદના જગન્નાથ મંદિરમાં સવારે ૪ કલાલે યોજાતી મંગળા આરતીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભાગ લીધો હતો. અષાઢી બીજે યોજાતી રથયાત્રાના પગલે વહેલી સવારથી જ જગન્નાથ મંદિરમાં ભક્તોનો જમાવડો થયો હતો. આ વચ્ચે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ વહેલી સવારે ૪ કલાકે પરિવાર સાથે જગન્નાથ મંદિર પહોંચી ગયા હતા. અમિત શાહે ભગવાન જગન્નાથની આરતી ઉતારી હતી. આ સમયે મંદિર જય જગન્નાથના નાદથી ગુંજ્યુ હતુ.અમિત શાહે આરતી બાદ સાષ્ટાંગ પ્રણામ કરીને ભગવાન જગન્નાથના આશીર્વાદ લીધા હતા.

# ગીર સોમનાથમાંથી ૬ કરોડની કિંમતનો ૧૨ કિલો ચરસનો જથ્થો જપ્ત

### ગુજરાતના દરિયા કિનારે ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત

(એ.આર.એલ), ગીરસોમનાથ,તા.૭



ગુજરાતના દરિયા કિનારેથી ડ્રગ્સ અને ચરસ મળવાનો સિલસિલો યથાવત છે. કચ્છ, દ્વારકા બાદ હવે ગીર સોમનાથમાંથી બિનવારસી ચરસના પેકેટો મળી આવ્યા છે. છારાના દરિયા કાંઠે એક પોટલું તણાઈ આવ્યું હતું.

દરિયાકાંઠે રહેતા માછીમારોના નાના બાળકોના ધ્યાને આવતા તેઓએ તેમના વાલીઓને વાત કરી હતી અને તે માછીમારોએ પોલીસને જાણ કરી હતી. શંકાસ્પદ ચરસનો જથ્થો કબજે કરી પોલીસે ફરિયાદ દાખલ કરી છે. આ તમામ પેકેટની ખરાઈ કરવા માટે એફ.એસ.એલ.ને જાણ કરવામાં આવી હતી બાદ એફ.એસ.એલ.ના રિપોર્ટ મુજબ આ ૧૨ કિલો ૧૦ ગ્રામ અફઘાન ચરસ છે. જેની આંતરરાષ્ટ્રીય કિંમત ૬ કરોડ ૫૦ હજાર છે.

એસ.ઓ.જી પોલીસ દ્વારા આ બિનવારસી મળેલા ચરસમાં અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી ચરસનો જથ્થો ક્યાંથી આવ્યો? જેને લઈ સઘન તપાસ હાથ ધરાઈ છે.

ગુજરાતનો દરિયો છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સ માફીયાઓ માટે પ્રવેશ દ્વાર બન્યો હોય તેમ ગુજરાતના અલગ અલગ બંદરો પરથી છેલ્લા એક - દોઢ વર્ષમાં હજારો કરોડો રૂપિયાના નશીલા પદાર્થો મળી આવ્યા છે

# કચ્છીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવતા વડાપ્રધાન અને મુખ્યમંત્રી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૭



ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કર્યા બાદ ગુજરાતના નાગરિકોને રથયાત્રાની શુભેચ્છાઓની સાથે કચ્છી ભાઈ- બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંબોધન કરતા જણાવ્યું કે અમદાવાદની રથયાત્રા જગન્નાથપુરીની રથયાત્રા પછીની સૌથી મોટી રથયાત્રા છે. ભગવાન ચાલીને નગરયાત્રા કરે ત્યારે નાગરિકોના દુખ દૂર થાય છે. આ રથયાત્રામાં ભગવાન જગન્નાથના દર્શનથી સૌ લોકોને સુખ અને શાંતિનો અનુભવ કરાવે છે. આજે અષાઢી બીજ એટલે કચ્છીઓનું નવુ વર્ષ શરુ થાય છે ત્યારે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે કચ્છી ભાઈ- બહેનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી

પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યુ કે, મૂંજેં વલેં કચ્છી ભા,ભેણેંકે અષાઢી બીજ કચ્છી નયેં વરેંજે ઓચ્છવ ટાણે ધિલસેં વધાઈયું ડીયાંતો, પાંજે કચ્છજી ભોમકા અને કચ્છીએંજી સદાય ચડ઼તી થીએ, કચ્છમેં સુખ, શાંતિ ને સમૃદ્ધિ કાયમ રે અને કચ્છડ઼ેજો ડંકો દુનિયામેં વજધો રે એડ઼ી કચ્છજી કુળદેવી મા આશાપુરા વટે અરધાસ કરીયાંતો.

એ યાદ કરે તે સમગ્ર સૌરાષ્ટ્રમાં કચ્છ જ એકમાત્ર એવો પ્રદેશ છે જ્યાં વિશિષ્ટ ભાતીગળ પરંપરાનો ઈતિહાસ ધરબાયો છે. તેની નવા વર્ષની ઉજવણી પણ ખુબજ વિશિષ્ટ છે. કચ્છી માંડુઓનું નવું વર્ષ અષાઢી બીજથી શરૂ થાય છે.

## રાજ્યમાં રથયાત્રામાં ભક્તોની ઘોડાપુર

# ભાવનગર, અરવલ્લી, રાજકોટ, ડાકોરમાં રથયાત્રાનું આયોજન

અમદાવાદ,તા.૭



આજે અષાઢી બીજના દિવસે દેશભરમાં વિવિધ સ્થળો પર જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું ગુજરાતમાં અમદાવાદ સિવાય પણ વિવિધ જગ્યાઓએ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનગર, અરવલ્લી, રાજકોટ, ડાકોર જેવા સ્થળોએ પણ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું

ભાવનગરમાં રથયાત્રા પૂર્વે દર્શન કરવા સંતો મહંતો તેમજ ભક્તજનોનું ઘોડાપૂર ઉમટ્યું હતું અહીં ભાવનગરની ૩૯મી રથયાત્રાનું રાજવી પરિવાર દ્વારા પ્રસ્થાન કરવામાં આવ્યું હતુ ભાવનગરમાં ૧૭.૫ કિલોમીટર લાંબી રથયાત્રામાં ૧૦૦થી વધુ ટ્રક જોડાયા હતાં આ સાથે રથયાત્રામાં અશ્વ અને ગજરાજ સાથે બેન્ડની સૂરાવલી જોવા શહેરભરથી લોકો ઉમટ્યા હતાં. સુભાષ નગર ભગવાનેશ્વર મંદિરથી શરૂ થયેલી રથયાત્રાથઈ આખું શહેર જય જગન્નાથના નાદથી ગુંજી ઉઠ્યું. ભગવાન જગન્નાથજીના રથને સોળે શણગાર સજાવવામાં આવ્યો છે.

અરવલ્લીમાં યાત્રાધામ શામળાજી ખાતે શામળિયાનું આયોજન કરવામાં આવ્યું હતું રથમાં ભગવાન શામળિયાની રથયાત્રા નીકળી હતી રથયાત્રા મંદિર પરિસરમાં સાત આંટા ફેરવાઈ હતી ભગવાન શામળીયાને પણ વિશેષ સાજ શણગાર કરવામાં આવ્યા હતાં. અનેક ભક્તો રથયાત્રામાં જોડાઈ ભગવાનના દર્શન કર્યા. મંદિરના ચેરમેન ટ્રસ્ટી અને સાંસદ મયંકભાઈ નાયક તેમજ અન્ય ટ્રસ્ટીઓ હાજર રહ્યા. રથયાત્રા બાદ મગ અને જાંબુનો પ્રસાદ વહેંચાયો હતો

રાજકોટમાં અષાઢી બીજ નિમિત્તે જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે રથયાત્રામાં વૃંદાવનની રાસલીલા આકર્ષણનું કેન્દ્ર બની છે. રાજકોટ શહેરમાં ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા છે. ત્યારે રથયાત્રા ખોડિયાર મંદિર કૈલાશધામ આશ્રમ નાનામવા ગામથી પ્રસ્થાન થઈ આખા શહેરમાં રથયાત્રા નીકળી છે. આ યાત્રામાં વિવિધ પ્રકારના કલાકાર, વૃંદાવન, સાધુસંત અને રાજકીય લોકો જોડ્યા. પોલીસ બંદોબસ્ત વચ્ચે રથયાત્રા નીકળી છે. આ ઉપરાંત પાટણ મહેસાણા સહિતના જિલ્લાઓમાં પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળી હતી. સવારે સાડા દશ વાગ્યે બાલકનાથજી મંદિરથી રથયાત્રા નગરચર્યાએ નિકળી હતી. ૮ કિલોમીટર લાંબા રુટ પર નિકળનારી રથયાત્રાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તોની ભીડ ઉમટી હતી. ભગવાનનું મામેરું ઓધારી મંદિર ખાતે ભરવામાં આવ્યું હતુ. જેનું આયોજન હિંગળાજ ભજન મંડળ અને આનંદના ગરબા તરફથી કરવામાં આવ્યું હતુ.

આજે અષાઢી બીજ નિમિતે ડાકોરમાં ભગવાન જગન્નાથની ૨૫૨મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. ભગવાનનું બાળ સ્વરૂપ ગોપાલ લાલજી મહારાજ ચાંદીના રથમાં નગરચર્યાએ નીકળ્યા. ચાંદીના રથમાં ભગવાન નગરચર્યાએ નીકળ્યા.

## ૪૫૦ લીટર નકલી દારૂ જપ્ત

# મોરબીમાં નકલી દારૂની મીની ફેકટરી સાથે બે બૂટલેગરની ધરપકડ

(એ.આર.એલ),મોરબી,તા.૭



મોરબીના માળિયા મિયાણા સ્થિત દેવગઢ ગામે પોલીસે ઘરમાં દારૂની રેડ કરી હતી, જેમાં ઘરની અંદર નકલી દારૂની મિની ફેકટરી ચાલી રહી હોવાનું સામે આવ્યું છે, જેથી પોલીસે દારૂ ભરેલી બોટલો, ખાલી બોટલો, અલગ અલગ કંપનીનાં ડુપ્લિકેટ સ્ટિકર અને ઢાંકણાં તેમજ બનાવટી દારૂનું ૪૫૦ લિટર પ્રવાહી જપ્ત કરીને બે આરોપીને પકડ્યા છે. અગાઉ પકડાયેલા તેમજ પકડવાના બાકી હોય એવા બૂટલેગરોનાં નામ પણ આ ગોરખધંધામાં સામે આવ્યાં છે, જેથી પોલીસે કુલ મળીને આઠ શખસની સામે ગુનો નોંધીને બાકીના આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

મોરબી જિલ્લામાં નશીલા પદાર્થનું વેચાણ બેફામ રીતે કરવામાં આવી રહ્યું છે. ત્યારે નશાના બંધાણીઓ દ્વારા અસલી છે કે નકલી એ જોયા વગર દારૂ સહિતના નશા માટે જે વસ્તુ હાથમાં આવે એ પી લેતા હોય છે. એવામાં થોડા સમય પહેલાં મોરબી એલસીબીની ટીમે રફાળેશ્વર ગામે આવેલા કારખાનાંમાં રેડ કરીને નકલી દારૂની ફેક્ટરી પકડી હતી. ત્યારબાદ મોરબી જિલ્લામાં એસએમસી દ્વારા રેડ કરીને દારૂનું લાલપર પાસેથી ગોડાઉન પકડવામાં આવ્યું હતું અને હાલમાં મોરબી એલસીબીની ટીમે મોરબી જિલ્લામાંથી વધુ એક નકલી દારૂની મિનિ ફેક્ટરી પકડી છે. હાલમાં માળિયા મિયાણા તાલુકાના દેવગઢ ગામે જયરાજ જીવણભાઈ સવસેટા અને જયદીપ જીવણભાઈ સવસેટાના રહેણાંક મકાનમાં દારૂ હોવાની બાતમી મળી હતી, જેના આધારે ત્યાં એલસીબીની ટીમે ત્યાં દારૂની રેડ કરી હતી. ત્યારે ઘરમાંથી મેકડોવેલ્સ દારૂની ૧૨ બોટલ, બ્લેક એન્ડ વ્હાઈટ વ્હિસ્કીની ૪ બોટલ અને તૈયાર બનાવટી ઈંગ્લિશ દારૂની ૪૫૦ લિટર પ્રવાહી, દારૂની ખાલી બોટલો, અલગ અલગ કંપનીનાં ડુપ્લિકેટ સ્ટિકર અને ઢાંકણાં વગેરે મળી ૨,૭૯,૭૦૫નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. હાલમાં પોલીસે સ્થળ પરથી જયરાજ જીવણભાઈ સવસેટા અને જયદીપ જીવણભાઈ સવસેટાની ધરપકડ કરી છે અને તેની પ્રાથમિક પૂછપરછમાં આ ગોરખધંધામાં કિશન ઉર્ફે કાનો અશોકભાઈ પાટડિયા, અલ્તાફ ઉર્ફે રાજા સોકત ખોડ, ચિરાગ ઉર્ફે લક્કીસિંહ દરબાર, સાજિદ ઉર્ફે સાજલો લાધાણી અને લાલો સતવારા (રહે. બધા મોરબીવાળા)ના નામ સામે આવ્યાં છે, જેથી પોલીસે બધાની સામે ગુનો નોંધીને બાકીના આરોપીઓને પકડવા તજવીજ શરૂ કરી છે.





